JARATI READING SERIES

DEPARTMENT
OF PUBLIC
INSTRUCTION
BOMBAY

SECOND BOOK

Department of Public Instruction, Bombay.

મુંબઈ ઇલાકાનું સરકારી કેળવણીખાતું.

ગુજરાતી બીજી ચોપડી.

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટી—એમણે તૈયાર કરી.

GUJARATI SECOND BOOK.

Prepared

BY

The Vernacular Text Books Revision Committee.

PUBLISHED BY

MACMILLAN AND CO., LIMITED

BOMBAY, CALCUTTA AND LONDON.

Price 3½ Annas. કીમત ૩½ આના.

1905.

BOMBAY:

PRINTED AT

MESSRS. J. B. MARZBAN & Co.'S PRINTING WORKS.

બીજી ચોપડીનું સાંકળીઉં.

અનુક્રમ નંબર.	પાઠ.	પૃષ્ઠ.
	ભાગ ૧. સામાન્ય વિષયના.	
૧	પરમેશ્વરે બધું કીધું છે....................	૧
૨	સવારનું વર્ણન (કવિતા).....	૨
૩	વરસની ઋતુ અને મહીના................	૩
૪	મેળો	૫
૫	નઠારી સોબત..........................	૭
૬	રખડેલ લાલચંદ	૯
૭-૮	જક્કી ઘેટું..........................	૧૧-૧૪
૯	રિસાળ છોકરો.........................	૧૪
૧૦	ફરી ફરીને કામ કરવા વિષે (કવિતા)	૧૬
૧૧	ચકુભિલ્લુ	૧૭
૧૨	દૃઢ મનવાળો છોકરો...................	૧૯
૧૩	ભમરો તથા મધમાખી...................	૨૦
૧૪	માટીનાં પુતળાં.....	૨૨
૧૫	ભાઈબેનના સમજી જવા વિષે.............	૨૩
૧૬	બાળ રામચંદ્રજી.......................	૨૫
૧૭	વગર વિચાર્યું ન કરવા વિષે...............	૨૭
૧૮	હોશિઆર કુતરો.........................	૨૮

અનુક્રમ નંબર.	પાઠ.	પૃષ્ઠ.
૧૯	ભલો છોકરો	૩૦
૨૦	પાદશાહ અને આરબ સુબો	૩૨
૨૧	આંધળો અને લંગડો	૩૪
૨૨	કુતરો અને તેનો પડછાયો	૩૬
૨૩	એક બ્રાહ્મણ ને ત્રણ ઠગ	૩૭
૨૪	ચોરી ન કરવા વિષે	૪૦
૨૫	કુહાડી (કવિતા)	૪૧
૨૬	આરબ અને તેનો ઘોડો	૪૨
૨૭	પાણીમાં જોતું સાબર	૪૪
૨૮	નકલ કરનાર શિઆળ	૪૬
૨૯	કેરી ને સાકર	૪૭
૩૦	આપકર્મી અભેસીંગ	૪૯
૩૧	બળદ ને દેડકો	૫૧
૩૨	કપડાં પહેરવા વિષે	૫૨
૩૩	આંખનો ઉપયોગ	૫૪
૩૪	પ્રભુનો મહિમા (કવિતા)	૫૫
૩૫	વસંત ઋતુ (કવિતા)	૫૬
	ભાગ ૨. ભૂગોળવિદ્યાના.	
૩૬	દિશાઓ	૫૮
૩૭	નિશાળનો નકશો	૬૦
૩૮	ગામનો નકશો	૬
૩૯	ગામ બહારની સહેલ	૪
૪૦	ગામના અધિકારીઓ	૬

અનુક્રમ નંબર.	પાઠ.	પૃષ્ઠ.
	ભાગ ૩. સૃષ્ટિજ્ઞાન વગેરેના.	
૪૧	સવાર ને સાંજ	૬૮
૪૨	હવા ને પવન	૭૦
૪૩	ચાક	૭૨
૪૪	તાંબું ને તાંબાનાં વાસણો	૭૩
૪૫	પિત્તળ ને પિત્તળનાં વાસણો	૭૫
૪૬–૪૭	જુદી જુદી જાતનાં ઘાસ	૭૬–૮૨
૪૮	ખેડુત ને હળ	૮૨
૪૯	ડાંગર	૮૪
૫૦	શેરડી	૮૬
૫૧	ભાત ને રોટલી	૮૮
૫૨	મધમાખ	૯૦
૫૩	બતક ને મરઘાં	૯૨
૫૪	ચકલી	૯૪
૫૫	ઘોડો	૯૬
૫૬	ઘોડો ને તેનાં સગાં વહાલાં	૯૮
૫૭	શરીરના ભાગ	૧૦૦
૫૮	ઇંદ્રિયો	૧૦૧
૫૯	રંગ	૧૦૨
૬૦	લુગડાં	૧૦૪

બીજી ચોપડી—ભાગ ૧.

પાઠ ૧. પરમેશ્વરે બધું કીધું છે.

કડીઆ વટેમાર્ગુ ઓસરી પાધર
ભક્તિ ધર્મશાળા પૃથ્વી

બોલો છોકરા, આ મેજ કોણે બનાવ્યો હશે? સુથારે. આપણી નિશાળનું મકાન કોણે બાંધ્યું હશે? સુથાર, કડીઆ ને મજુરે.

કહો, વળી આપણી નિશાળમાં શું મધમધે છે? બાગમાંનાં ફૂલ. એનો વાસ શાથી આવ્યો? પવનથી.

સામા તળાવમાં શું છે? મીઠું પાણી. એ ક્યાંથી આવ્યું હશે? પહાડ, પાધરમાં વરસાદ પડે છે તેનું એ પાણી. એ આપણા શા કામમાં આવે છે? પીવાના, નાહવાના ને ધોવાના.

સામી ધર્મશાળામાં વટેમાર્ગુઓ ઓસરી પર શા માટે બેઠા છે? તડકે ટાઢ ઉડાડવા. એ તડકો ક્યાંથી આવે છે? સુરજમાંથી. સુરજ ન હોય ત્યારે શું થાય છે? અજવાળું મટી રાતે ઘોર અંધારૂં થાય છે. બરાબર. આખી પૃથ્વી પર તડકો અને અજવાળું સુરજમાંથીજ આવે છે. પણ કહો, રાતનું ઘોર અંધારૂં મટે છે ખરૂં વારૂ? હા જી. ચંદ્રમા ઉગે

છે, ત્યારે મટે છે. ત્યારે ચંદ્રમા શું કરે છે? સુરજની પેઠે, પણ જરા થોડું અજવાળું આપે છે. ચંદ્રમા નથી હોતો તે રાતે અજવાળું પડે છે ખરૂં? હા જી. ગગનમાં તારા ઝગઝગે છે, તેનાથી ઉજાસ પડે છે.

ભાઈઓ, મેજ ને મકાન તો માણસે બનાવ્યાં, પણ પવન, પાણી, પૃથ્વી, પહાડ, સુરજ, ચંદ્રમા ને તારા એ કોણે સરજ્યાં હશે? સાહેબ, અમારાથી કળાતું નથી. ત્યારે હું કહું છું. એ સઘળું દયાળુ પરમેશ્વરે સરજ્યું છે.

એક હોશિયાર છોકરો બોલી ઊઠ્યો. સાહેબ, આપણે માટે કોઈ માણસ કંઈ કરે છે, તો તેનો પાડ માનીએ છીએ; ત્યારે પરમેશ્વરે આટલું બધું કર્યું છે, તેનો પાડ શી રીતે માનવો? એનો ઉપકાર યાદ રાખવા માટે દરરોજ એની ભક્તિ કરવી.


પાઠ ૨. સવારનું વર્ણન.

ગવૈયા મધુર પંખેરૂ ભ્રમર

મુલ્લાં તૂલ અંધકાર

રાગ—ભૈરવ.

જાગ મુજ વા'લા બાળ, પંખી વન બોલે. ટેક.
વ્હા'ણું વાયું વીતી રાત, પૂર્વે થયો ઝગઝગાટ;
રંગ દીસે ભાત ભાત, ઝાડ પાન ડોલે. જાગ.


એક
વરસ
ચૈત્ર
વૈશાખ
જેઠ
અશાડ
શ્રાવણ
ભાદરવો
આસો
કારતક
માગસર
પોષ
માહ
ફાગણ
શિયાળો

કુકરે કૂક કુકડા, કા કા કરે કાગડા;
મેના પોપટ ફુટડા, મોર મધુર બોલે. જાગ.
ચંદ્ર તેજ ફીકું પડ્યું, તારા તેજ ઊડી ગયું;
ચોર મોઢું કાળું થયું, ખુણા ખાંચા ખોળે. જાગ.
ભક્ત જનો ધરે ધ્યાન, ગવૈયાઓ કરે ગાન;
દાતા દીએ રૂડું દાન, મુલ્લાં બાંગ બોલે. જાગ.
સુરજ તણો ઉદય થયો, રાતનો અંધકાર ગયો;
ભ્રમર ગું ગું કરી રહ્યો, કમળ પત્ર ખોલે. જાગ.
તડકો જેમ વધતો જાય, માણસો ઉમંગી થાય;
આકાશે પંખેરૂ ધાય, ઢોર ચારો ખોળે. જાગ.
ઝાડ વેલી ફળ ને ફૂલ, ધીમે ખીલે નહિ ભૂલ;
ખાવા જાય તાજાં તૂલ, પક્ષી બહુ ટોળે. જાગ.
ઊઠ વીરા મગન થઈ, પ્રભુ કેરૂં નામ લઈ;
વાંચ પાઠ ધ્યાન દઈ, એમ માત બોલે. જાગ.

પાઠ ૩. વરસની ઋતુ અને મહીના.

ઉતરાણ તિથિ પર્વ પુનમ શ્રાવણ
કારતકી પખવાડીઆં વરસ

દાદાજી, આજ દિવાળી, તો આવતી કાલે શું?

ભાઈ, આવતી કાલે બેસતા કારતકી વરસનો તહેવાર છે.

એને કારતકી વરસ કેમ કહેતા હશે? વરસનો પહેલો મહીનો કારતક આવે છે માટે. એ મહીનાથી ટાઢ પડવા માંડે છે.

દાદાજી, બીજા કયા કયા મહીનામાં ટાઢ પડે છે? માગશર, પોષ અને મહા. એમાં તહેવાર આવે છે ખરો કે? હા ભાઈ. છોકરાઓ પતંગ ઉડાડે છે, એ તને યાદ છે કે નહિ? તેને તો દાદા ઉતરાણ કહે છે. ત્યારે તો ટાઢ બહુ પડે છે. ભાઈ, એ ચાર મહીનાને શિઆળાની રત કહે છે. ત્યારે લોકો જાડાં કે ઊનનાં ગરમ કપડાં પહેરે છે.

દાદાજી, હોળી ક્યારે આવે છે? ભાઈ, ઉનાળામાં ફાગણ સૂદ પુનમે. ત્યારે સૂદ પુનમનો દહાડો તે ફાગણમાંજ આવતો હશે? ના ભાઈ. બધાએ મહીનામાં સૂદ અને વદ એવાં બે પખવાડીઆં હોય છે. તેમાં સૂદની પંદરમી તિથિ તે પુનમ અને વદની પંદરમી તિથિ તે અમાસ. શું, ત્યારે પખવાડીઆમાં પંદર તિથિઓ હશે? હા ભાઈ. પડવાથી પુનમ સુધીમાં પંદર ને પછી અમાસ સુધીમાં બીજી પંદર તિથિઓ છે. દાદાજી, એ લેખે તો મહીનાના ત્રીસ દહાડા થયા, ખરૂં વારૂ? હા.

દાદાજી, ઉનાળાની રતમાં ફાગણ પછી બીજા કયા કયા મહીના આવે છે? ચૈત્ર, વૈશાખ ને જેઠ. એ મહિનાઓમાં તાપ પડે છે, માટે લોકો ઝીણાં વસ્ત્ર પહેરે છે, પંખા વાપરે છે, ને કોઈ વખત શીખંડ ખાય છે.

દાદાજી, ત્યારે વરસાદ આવે છે તે કઈ રત? એને ચોમાસું કહે છે. તેનાએ ચાર મહીના છે; અશાડ, શ્રાવણ, ભાદરવો અને આસો. ઝાડ પાન ખૂબ ખીલે છે, અને બધે પાણી

પાણી થઈ રહે છે, તે એજ રત હશે ? હા. એ ઋતુમાં બળેવ, દશેરા, દિવાળી વગેરે પર્વ આવે છે.

હવે બીજા મહીના છે ? ના. ત્યારે તો એક દિવાળી પછી બીજી દિવાળી સુધીમાં ત્રણ ઋતુ અથવા બાર માસ આવ્યા. તેં ઠીક ગણી કાઢ્યા, ભાઈ. એને એક વરસ કહે છે.

પાઠ ૪. મેળો.

વખુટા બહેકબહેક મદારીઓ

સુખડીઆ સરૈયા દ્રાક્ષ

મોટા ભાઈ, આજે ગોકળ આઠમનો મેળો છે, મને જોવા લઈ જશો ? હા ભાઈ, ચાલ તૈયાર થા, વખત થયો છે.

બંને ભાઈઓ ધોએલાં કડકડતાં કપડાં પહેરી જવા નીકળ્યા. રસ્તે મોટા ભાઈનો એક ભાઈબંધ મળ્યો. તેની સાથે તેના નાની બેન હતી. બધાં એકઠાં થઈ મોટા બજારમાં મેળો ભરાતો હતો ત્યાં ગયાં. મેળામાં ગાડી, ઘોડા અને માણસોના ભારે ઠઠ હતી. નાનુએ મોટા ભાઈની આંગળી જોરથી પકડી રાખી કે વખુટા પડાય નહિ.

મોટા રસ્તા પર બેઉ તરફ હારબંધ દુકાનો આવી રહી હતી. પેલાં છોકરાં એક છેડેથી બીજે છેડે દુકાનો જોતાં જોતાં ચાલ્યાં. પહેલી કંસારાની દુકાનો આવી. તેમાં તાંબા પિત્તળનાં ને બીજાં જુદી જુદી જાતનાં વાસણો હતાં.

પછી તેમણે સુખડીઆનાં હાટ જોયાં. ત્યાં બરફી, પેંડા, કોપરાપાક વગેરે મિઠાઈ બરાબર ખડકેલી હતી. આગળ જતાં ખસદી અને લક્કડ સામાન વેચનારની દુકાનો આવી. ત્યાં પલંગ, પારણાં, ઘોડીઆં, કાચ તથા લાકડાનાં રંગેલાં રમકડાં પુષ્કળ હતાં. પછી તેમણે કાપડીઆની ઘણી દુકાનો દીઠી. તેમાં ભાત ભાતનું સુતરાઉ, રેશમી, ઊનનું ને શણનું કાપડ હતું.



આગળ જતાં સરૈયાની દુકાનો, આવી. તે બહેકબહેક થઈ રહી હતી. તેની પાસે કાચનાં રમકડાં અને હાંડી,

આરસા વગેરે વેચનારાની દુકાનો હતી. આગળ જતાં લીલા મેવાવાળાની દુકાનો આવી. ત્યાં લીલાં અંજીર, નારંગી, સંતરાં, દ્રાક્ષ વગેરે મીઠો મેવો મળતો હતો. એક તરફ ચોગાનમાં મદારીએ ખેલ કરતા હતા. વળી રસ્તામાં સિપાઈઓ તથા સવારો ફરતા હતા.

મોટા ભાઈએ નાનુને માટે કેટલોક લીલો મેવો, મિઠાઈ અને રમકડાં લીધાં. નાની બેનને માટે એક ગોળ ફુદડી ફરતી પુતળી લીધી. તેના ભાઈબંધે પણ કેટલુંક લીધું.

મેળામાંથી ઘેર આવી નાનુએ પુતળી તથા ખાવાનું નાની બેનને આપ્યું. તે રાજી રાજી થઈ ગઈ. તે ખાતી જાય, કૂદતી જાય ને ગીત ગાતી જાય. તેનો હરખ તો માયજ નહિ.

પાઠ ૫. નઠારી સોબત.

શેખી દોસ્ત લોહીલોહાણ ભાગ્યશાળી ઠીકરૂં

ફક્કડ નિશાન સજ્જડ પ્રેમ

ઘેલો, ગાંડો અને ડાહ્યો એ નામના ત્રણ છોકરા હતા. ઘેલાએ કહ્યું કે ચાલો ભાઈ, આપણે બોર ખાવા જઈએ. ગાંડાએ હા કહી ને પૂછ્યું, ક્યાં જઈશું? મોરાર પટેલની વાડીમાં. ઠીક ઠીક, ચાંલ્લો પાસેજ છે. ત્યાં મજા પડશે.

ડાહ્યાએ કહ્યું, આપણાથી બીજાનાં બોર કેમ ખવાય? ગાંડાએ કહ્યું, ચાલ ચાલ, શેખી કરતો રહે. બોર ખાવા જવું એમાં આપણાં શાં ને પારકાં શાં. ડાહ્યાએ ના કહી, પણ પેલા માને નહિ. આખરે એને સમજાવીને લઈ ગયા.

વાડી આવી. ઝાંપો ઉઘાડી ત્રણે છોકરા અંદર પેઠા. ડાહ્યો આઘોજ ઉભો રહ્યો. ઘેલાએ કહ્યું, આ બોરડીનાં બોર ખાસાં પાકાં છે. લાવ ઠીકરૂં, નિશાન તાકીને એવું મારૂં, કે બોરની લૂમ ને લૂમ તૂટી પડે. ગાંડો કહે ના, બીજો ઘાટ કરીએ. પેલી રાસ પડી છે, તે ડાળી પર નાખી જોરથી હલાવીશું, તો બોરના ઢગલે ઢગલા પડશે. ઘેલો કહે, હા દોસ્ત, ઠીક કહ્યું.

બંને જણે તેમ કર્યું, તેથી ઘણાં બોર પડ્યાં. તેમાં કેટલાંક તો સારાં પાકાં પીળાં હતાં. બેઉ રાજી રાજી થઈ ગયા, ને ફક્કડ બોર ફક્કડ બોર કહેવા લાગ્યા. એટલામાં પછવાડેથી વાડીના રખવાળે આવીને ઘેલાને લાકડીનો એક સજજડ ઝપાટો લગાવ્યો. બાપ રે! બાપ રે! કરતો, રોતો રોતો તે નાસતો હતો, તેવામાં બોરડીના થડ સાથે તેનું માથું અથડાયું. તે ચકરી ખાઈ ભોંય ઉપર પડ્યો. નાક છુંદાઈ ગયું ને લોહીલોહાણ થયું.

આ જોઈ ગાંડો નાસતો હતો, તેને વાડીવાળાએ પકડ્યો. તેને બે ચાર લપડાકો એવી મારી, કે તે પડતો પડતો બચ્યો ને જીવ લઈને નાઠો. રખવાળે ફરીને જોયું, તો ડાહ્યો

બાજુએ ઉભેલો માલમ પડ્યો. તેણે તેને ઝાલ્યો. ડાહ્યો બોલ્યો, ભાઈ સાહેબ, મેં તો તમારાં બોર ખાધાંએ નથી ને લીધાં પણ નથી. હું તો આવતોજ ન હતો, પણ પેલા છોકરા મને ખેંચી લાવ્યા. રખવાળે કહ્યું, આવા ચોરની સોબતમાં તું આવ્યો તેથી તુંએ લેતો જા. એમ કહી પાંચ સાત ધોલો ચોઢી કાઢી. તે પણ રડતો રડતો બહાર નીકળ્યો. નઠારાની સોબતનું ડાહ્યાને આ ફળ મળ્યું. કહ્યું છે કે જેવી સોબત તેવી અસર.

(છપ્પો.)

જેને જેવો સંગ, રંગ બહુ તેવો બેસે;
જેને જેવો સંગ, પ્રેમ પણ તેવો પેસે;
જેને જેવો સંગ, કામ તેવાં તે કરશે;
જેને જેવો સંગ, ઠામ તેવે જઈ ઠરશે;
રૂડે સંગે રૂડા થશે, બુરે સંગે બુરો બને;
સારા મે'તાના સંગથી, ભાગ્યશાળી વિદ્યા ભણે.

પાઠ ૬. રખડેલ લાલચંદ.

ફોઇપિગ મસ્તી ખદખદતો વધાઈ
અટકચાળાં હાડવૈદ ઓવારણાં ઓસડવેસડ

એક હતો શેઠ અને એક હતી શેઠાણી. શેઠનું નામ મગનલાલ ને શેઠાણીનું નામ દિવાળી હતું. તેઓ ખાતાં

પીતાં હતાં, પણ તેમને કંઈ છોકરૂં ન હતું. શેઠાણીને મોટી વયે એક છોકરો થયો. શેઠને ઘણો આનંદ થયો, ને શેઠાણીના હરખનો તો પારજ રહ્યો નહિ.

વધાઈ સાંભળી થોડા દિવસમાં શેઠની બેન સાકરબા આવી. તેણે એ પુત્રનાં ઓવારણાં લઈ ફોઈપગલું બાંધ્યું. છોકરો લાડકવાયો તેથી ફોઈબાએ તેનું નામ લાલચંદ પાડ્યું. ભાઈએ બેનને સારી ભેટ આપી. પછી તે પોતાને ઘેર ગઈ.


લાડીલો લાલચંદ પાંચેક વરસનો થયો. લાડમાં ઉછરવાથી તે કેટલીક કુટેવ શીખ્યો. પોળમાં રમતાં નઠારાં છોકરાંની સોબત થઈ. તેમની સાથે અટકચાળાં કરતાં તે શીખ્યો. બહારની લડાઈ ઘરમાં લાવે. શેઠે વિચાર્યું, આનો કંઈ ઇલાજ કરવો જોઈએ, નહિતો છોકરો વંઠી જશે. પછી તેને નિશાળે મૂક્યો. ત્યાં રોજ જવું, સીધું ચાલવું ને મહેતાજીના કહ્યામાં રહેવું, એ લાલચંદને ગમ્યું નહિ.

તેણે નિશાળે જવાનું છોડી દીધું. ખાઈ પીને નિશાળને બહાને ઘેરથી નીકળે, ને શેરી ચૌટામાં તે રઝળતો ફરે. એક દિવસ એમ રખડતો હતો, તેવામાં રસ્તે ચાલતાં ગધેડાંનું એક ટોળું મસ્તીમાં આવી લાતાલાતી પર ચઢ્યું. તેમાં એને એક ગધેડાની લાત વાગી. તેથી એનો પગ ઉતરી ગયો, ને એ તંમર ખાઈ નીચે પડ્યો. તે પડ્યો પડ્યો ભેંકડો તાણતો

હતો, એટલામાં એક ઓળખીતાએ દીઠો. તેણે ગાડી ભાડે કરી એને ઘેર પહોંચાડ્યો.

તેના બાપે હાડવૈદને બોલાવ્યો. હાડવૈદે પગ બેસાડી ખદખદતો લેપ માર્યો, ને બીજાં કડવાં કડવાં ઓસડ પાયાં. ઘણા દિવસ ઓસડવેસડ કર્યું, ત્યારે લાલચંદ સારો થયો. આવી વલે થઈ એટલે તે સમજ્યો. રખડવાની ખો ભૂલી ગયો, ને રોજ નિશાળે જવા માંડ્યું. પછી મહેતાજીની શિખામણથી ને સારી સોબતથી તે સુધરી ગયો.

પાઠ ૭. જક્કી ઘેટું—ભાગ ૧.



શિકારી સાચવણુ ઊંચી અભાગીઉં વિઆય

એક રબારીને ત્યાં ગાયો, ભેંસો, બકરાં ને ઘેટાં ઘણાં હતાં; તેમજ તેમનાં વાછરડાં, પાડાં, ~~લવારાં~~ અને ગાડરાં


પણ બહુ હતાં. તેમને તે ચારો નીરતો ને પાણી પાતો, કોઈ માંદું પડે તો ઓસડવેસડ કરી સારાં કરતો. કોઈ બચ્ચું થાકી જાય, તો તેને ખાંધે મૂકી ચાલતો. દિવસે તાજો ચારો ચરાવવા તે તેમને ખેતરમાં લઈ જતો. બપોરે ઝાડમાં છાંયે બેસાડતો, અને પોતે પાસે બેસી વાંસળી કે પાવો વગાડતો. એક બીજાની હૂંફમાં બધાં સુખે બેસે ને ઊંઘે, માટે રાતે એક વાડો હતો તેમાં બધાંને રાખતો. એમ તે બધાંનું સારૂં જતન કરતો.

લોકમાં પણ એ રબારી સારો ગણાતો. ગાય, ભેંસ ઊચી * ગયા પછી ઘણા લોકો એને ત્યાં તે ઢોરોને ભાગે મૂકતા. તેમને એ સારી રીતે ખવાડતો, પિવાડતો ને જાળવતો. એ ઢોરો વિઆય કે તેના ધણી લઈ જતા. તે વખતે પોતાની મહેનત ને સાચવણ બદલ પૈસા લેતો. પૈસા બાબત ઢોરોના ધણી સાથે એ તકરાર કરતો નહિ. પોતાને ઘેર ઢોર રહે, ત્યાં સુધી તેની ચાકરી સારી રીતે કરતો. વાઘ, વરૂ વગેરે શિકારી પ્રાણીઓ તથા ચોરથી એ જાનવરોને જાળ-વવા માટે તેણે કેટલાક કુતરા રાખ્યા હતા. તે વાડા બહાર બેસતા, ને ત્યાં કોઈ અજાણ્યું આવે કે ભસતા. આવી રીતે રબારી તે જાનવરોને જાળવતો, તેથી બધાં મોજમાં રહેતાં; પણ એમાં એક અભાગીઉં જક્કી ઘેટું હતું.

---

* વસુકી; ઊઠી.

પાઠ ૮. જક્કી ઘેટું—ભાગ ૨.



ગોંધતો સપડાઈ બંદીખાનામાં કમોતે
કોતર ચાંદની

એ જક્કી ઘેટું એક રાતે વાડામાં એની માને કહેવા લાગ્યું, મા, મા, મને અહીં કેદ થઈ રહેવું ગમતું નથી. કુતરાને રબારી બાપુ ગોંધતો નથી, ને આપણને શા માટે ગોંધી મૂકે છે? મને જરાએ ચેન પડતું નથી, આવા બંદીખાનામાં રહેવા કરતાં બહાર ખેતર પાધરમાં ફરવું, ચાંદનીમાં છુટું ખેલવું અને કૂદવું મને બહુ સારૂં લાગે છે.

એની મા ઠરેલ હતી. તેણે કહ્યું, બેટા, તું નાદાન છે. રબારી બાપુ આપણી કેટલી સંભાળ લે છે! એ કેવો ભલો છે! તું જો બહાર જશે તો સપડાઈ પડશે.


એ ઘેટું સમજાવ્યું સમજે એવું ન હતું. તેણે જક છોડી

નહિ, અને મોડી રાતે બધાંએ ઊંઘ્યાં, એટલે લાગ ફાવ્યો કે વાડામાંથી સટકી ગયું.

તે બહાર જઈ ઠેકવા ને નાચવા લાગ્યું. ચાલતાં ચાલતાં પાદર મૂક્યું, ખેતર મૂક્યાં ને આઘે વગડામાં જઈ પહોંચ્યું. ત્યાં લીલું ઘાસ આનંદે ખાવા માંડ્યું, એટલે કોતરમાંથી એક વરૂએ તરાપ મારી તેને ઝાલી લીધું.

વરૂ તેને પોતાની બોડમાં લઈ ગયું. ત્યાં તેનું બચ્ચું હતું. તેને કહ્યું લે, તારે માટે એક સારૂં તાજું ઘેટું ખાવા આણ્યું છે. તેણે તેને ફાડી ખાધું. મરતી વેળા ઘેટાના મનમાં આવ્યું, કે જો મારી માની શિખામણ માની હોત, તો મારે કમોતે મરવું ન પડત.

પાઠ ૯. રિસાળ છોકરો.



ભાઇભાંડુ ઢોંગ ભાગ્યે પસ્તાયો વેદના
આડોશી પાડોશી નકામો મુદ્દલ પાટલુન

એક હઠીસીંગ નામનો છોકરો હતો. તે નાહતાં રિસાય,

ખાતાં રિસાય, કપડાં પહેરતાંએ રિસાય. એમ સહેજ સહેજમાં રિસાય. તેની રીસનો છેડોજ ન આવે. એના જેવો બીજો રિસાળ છોકરો ભાગ્યે હશે. કોઈ આડોશી પાડોશીના છોકરા સાથે બને નહિ, તેમ ભાઈભાંડુ સાથે પણ એને બનતું નહિ.

એક દહાડો એને ત્યાં કંસાર ઘીનું જમણ થયું. એની માએ ઘી પચવામાં ભારે, ને તે વધારે ખાય તો માંદો પડે, તેથી વાડકીમાં ઓછું મૂક્યું. એને તે ગમ્યું નહિ. પીરસેલી થાળી પડતી મૂકીને ઊંહ ઊંહ કરતો ઊઠ્યો, ને એક અંધારા ઓરડામાં ખુણે જઈ બેઠો.

ઓરડામાં એને એક વીંછી કરડ્યો, ને એણે ચીસ પાડી. બધાંના મનમાં આવ્યું, કે એને રોવાની ટેવ છે, માટે નકામો ઢોંગ કરતો હશે. કોઈ એની પાસે ગયું નહિ. એને ઘણી વેદના ભોગવવી પડી, ને બીજા દહાડા સુધી મુદ્દલ ચેન પડ્યું નહિ.

બીજે દહાડે મેળો હતો, ત્યાં પણ એના બાપ એને તેડી ગયા નહિ. બીજાં છોકરાંને સારૂ રમકડાં ને ખાવાનું આણ્યું, પણ એને માટે તો કંઈજ આણ્યું નહિ. આથી તે છોકરાને બહુજ ખોટું લાગ્યું ને પસ્તાયો. તે દહાડેથી એ સમજ્યો, કે આપણી રીસ આપણનેજ નડે છે. પછી એણે રિસાવાની ટેવ છોડી દીધી.

હઠીસીંગની રિસાવાની ટેવ ગઈ છે કે નહિ, તે તેની માએ એક વેળા તપાસી જોયું. એક દહાડો તેમને બધાંને વરઘો-

ડામાં જવાનુ હતું. હઠીસીંગે સારાં કોટ પાટલુન પહેર્યાં, ને પોતાની સારી ટોપી માગી. તેની માએ તે આપી નહિ અને કહ્યું, કે પેલી જુની ટોપી ઘાલ. હઠીસીંગે તે ખુશીથી ઘાલી, ને વરઘોડામાં જવા તૈયાર થયો. એ જોઈ તેની મા ઘણી રાજી રાજી થઈ.

પાઠ ૧૦. ફરી ફરીને કામ કરવા વિષે.

તાંતણે નીરધાર યત્ન અનંત ભીડ્યો

(દોહરા.)

કરતાં જાળ કરોળીઓ, ભોંય પડી ગભરાય;
વણ તુટેલે તાંતણે, ઉપર ચઢવા જાય. ૧
મે'નત તેણે શરૂ કરી, ઉપર ચઢવા માટ;
પણ પાછો હેઠે પડ્યો, ફાવ્યો નહિ કો ઘાટ. ૨.
એ રીતે મંડ્યો રહ્યો, ફરી ફરી બે ત્રણ વાર;
પણ તેમાં નહિ ફાવતાં, ફરી થયો તૈયાર. ૩.
હીંમત રાખી હોંસથી, ભીડ્યો છઠ્ઠી વાર;
ધીરજથી જાળે જઈ, પોં'ચ્યો તે નીરધાર. ૪.
ફરી ફરીને ખંતથી, યત્ન કર્યો નહિ હોત;
ચગદાઈને પગ તળે, મરી જાત વણ મોત. ૫.
એ રીતે જો માણસો, રાખી મનમાં ખંત;
આળસ તજી મે'નત કરે, પામે લાભ અનંત. ૬.

પાઠ ૧૧. ચકભિલ્લુ.

કચ્છ   ભૂલથાપ   ચક્કર   ટપોટપ
પૈંતરા   બહાદુરી

મહેતાજી—ચાલો છોકરા, રમતની વેળા થઈ. કચ્છ ભીડી તૈયાર થાઓ, ને આપેલા નંબર પ્રમાણે બે હારો બંધાઈ સાથ ઠરાવી ચકભિલ્લુ રમો.

વડો નિશાળીઓ—ગુરૂજી, સાથ ઠરાવ્યા. ગઢ સાથમાં અજીતસિંહ ઠાકોર, રામશંકર સરદાર ને બીજા બે ભિલ્લુ ઠર્યા. સામા સાથમાં બહાદુરસિંહ ઠાકોર, શિવશંકર સરદાર ને બીજા બધા ભિલ્લુ બન્યા છે.

મહેતાજી—અજીતસિંહ ઠાકોર, તમારા સાથવાળાએ શું કરવાનું છે?

અજીતસિંહ—સાહેબ, અમારામાંથી ત્રણ જણે કિલ્લો કરી તે પર બેસવાનું છે, ને એક જણે સામા સાથવાળાને પકડવાનું કામ કરવાનું છે.

મહેતાજી—બરાબર. બહાદુરસિંહ, તમારે શું કરવાનું છે?

બહાદુરસિંહ—સાહેબ, અમારે બધાએ ગઢ પર હુમલો કરવાનો છે, એટલે ગઢ સાથના ભિલ્લુઓ બેઠા છે, તેમની આસપાસ કે વચ્ચે અમારે દોડવું, પણ તે સાથના પકડનારના હાથમાં બનતાં સુધી આવવું નહિ.

મહેતાજી—ઠીક, હવે રમત રમવા માંડો.

છોકરાઓએ રમત શરૂ કરી. ગઢ સાથના એક છોકરાએ ધૂળમાં પગ વડે આસરે બાર હાથનો લીટો કાઢી તેને કિલ્લો માન્યો. તે ઉપર ત્રણ જણ સરખે અંતરે બેઠા. તેમાં વચ્ચે અજીતસિંહ ઠાકોર ને આસપાસ ભિલ્લુઓ હતા. રામશંકર સરદારે પકડવાનું કામ કરવા માંડ્યુ. સામા સાથવાળાએ ચક્કરમાં દોડાદોડ કરી મૂકી. રામશંકર ગઢમાં ઘૂમી રહ્યો. દાવમાં આવે તેને પકડી જુદા બેસાડે. બહાદુરસિંહ તથા તેમના ભિલ્લુઓ આમ તેમ નાસે. તેના એક પછી એક એમ ત્રણ સાથીઓ પકડાયા. રામશંકર થાક્યો, ત્યારે તેણે જમણી બાજુએ બેઠેલા ભિલ્લુને ઉઠાડ્યો, ને પોતે તેની જગાએ બેઠો. એ ભિલ્લુએ પણ એક બે છોકરા પકડ્યા. પછી તેણે અજીતસિંહને ઉઠાડ્યો, ને તેની જગા પોતે લીધી. ઠાકોરે ધીમે ધીમે પેંતરા ભરવા માંડ્યા. ડાબી ગમ નજર ફેંકી જમણી મેર દોડે. પછી જરા જમણી દોડ ભરી પૂર જોસથી ડાબી બાજુએ નાસે. આમ ભૂલથાપ આપવા માંડી. આથી સામા સાથવાળા બધા ટપોટપ પકડાયા. અંતે બહાદુરસિંહ પણ બહાદુરી બતાવતા છતાં હાથ આવ્યા, ને દાવ પુરો થયો.

રમત પુરી થઈ એટલે મહેતાજી કહે, શાબાશ, ઠીક રમ્યા. હવે સૌ સૌને ઘેર જાઓ.

પાઠ ૧૨. દૃઢ મનવાળો છોકરો.

છુટ્ટી મિત્ર ગેડીદડા લાચાર

એક દિવસે છુટ્ટીની વેળાએ છગને પોતાના ભાઈબંધ મગનને કહ્યું, કે પાદરે છોકરા ગેડીદડા રમે છે. હું ત્યાં જાઉં છું, તું આવે છે? તે બોલ્યો, હા; પણ મારી બા ઘેર નથી. તેની રજા વિના મારાથી ઘર છોડાય નહિ. તે કહી ગઈ છે કે હું આવું, ત્યાં સુધી ઘર બહાર એક ડગલું પણ ભરીશ નહિ. તારી બા ક્યાં ગઈ છે? મારો પીતરાઈ ભાઈ માંદો છે તેને જોવા. તે તો કોણ જાણે ક્યારે આવશે? હમણા રમતમાં ખરેખરો રંગ જામ્યો હશે, માટે ખરી મજા તો અત્યારે હશે, પછી તો ધૂળ. મેં તને પરમ દિવસે બોલાવવાનું વચન આપેલું, તેથી આવ્યો છું. આવતો હોય તો ચાલ, નહિતો હું એકલો જઈશ.

મગન કહે, જરા થોભ. હમણા મારી બા આવશે. છગન બોલ્યો, તેની શી ખાતરી? હું તો જાઉં છું.

મગન કહે, ભાઈ, મને આવવાનું ઘણું મન છે, પણ લાચાર છું, મારૂં ઘર સુનું છે. છગન કહે, ત્યારે તને એક રસ્તો બતાવું. હું અહીં બેસું છું, ને તું તારી બાને ઝટ બોલાવી આવ.

મગન બોલ્યો, અહાહાહા! દોસ્ત, એ ઠીક કહ્યું. પણ અરે! મારી બા કહી ગઈ છે તે મને યાદ આવે છે. તેથી

તેના આવ્યા સિવાય હું તો ક્યાંએ જઈશ નહિ. પણ ભાઈ, તું જઇને મારી બાને ન બોલાવી લાવે? એટલું કામ તું ન કરે? છગન મોં ફેરવી બોલ્યો, મારે વળી એ શી પીડા! મેં તો મારૂં વચન પાળ્યું. હવે આવવું કે ન આવવું એ તારી મરજી. હું તો આ ચાલ્યો. મગન બોલ્યો, આવીજ તારી ભાઈબંધી? શું ખરો મિત્ર આમ કરે? ભલે મારૂં રમવાનું જતું. તારે જવું હોય તો જા. હું તો મારી બાનું કહેલું પહેલું કરીશ, રમવાનું પછી.

શાબાશ છે મગનને, કે તેણે પોતાનું મન ડગવા દીધું નહિ.

પાઠ ૧૩. ભમરો તથા મધમાખી.



કુટુંબ માલમતા સોહામણી અર્ધું
સ્વાદે ભપકાદાર મુલક

એક મધમાખી ગણગણતી હતી. તેને ભમરાએ આવી એક દિવસ પૂછ્યું. બેન, આપણે બંને એકજ કુટુંબનાં છીએ, બેઉને પાંખ છે, બંનેને મીઠું મીઠું ભાવે છે, ને માણસો છંછેડે કે આપણે બંને તેમને ડંખીએ છીએ. એમ છતાં લોકો મને કાઢી મૂકે છે ને તમને ચાહે છે, એ શું?

વળી મારી પીઠ તો જુઓ. સોના જેવી તો પીળી છે ને કેવી ચકચકે છે! મારો ઘાટ કેવો સુંદર છે! તે છતાં લોકો મને પાસે આવવા દેતા નથી, ને જાઉં છું તો કાઢી મૂકે છે. તેઓ તમારી સંભાળ લે છે. કેટલાક મુલકમાં તમને ખાવાનું આપે છે, ને તમારે માટે રહેવાને ઘર બાંધી આપે છે.

મધમાખ બોલી, ભાઈ, તમારી પાંખ સોહામણી છે, તમે ફુટડા છો, એ લોકો જાણે છે; પણ એક વાત તમે જાણો છો? તમે ભપકાદાર દેખાઓ છો, પણ કશા કામના નથી. ઉલટા તમે લોકોની માલમતા કરડી કોરીને બગાડો છો, ને તેમને દુભવો છો, એટલે તમને કોણ પાસે ઉભું રાખે?

હું તમારાથી અર્ધુંએ નુકસાન કરૂં, તો તમારી વલે તેવી મારીએ થાય. હું આખો દહાડો કામ કરૂં છું. મધપુડામાં મધ ભરૂં છું, તે લોકો સ્વાદે ખાય છે. તેઓ મને ચાહે એમાં શી નવાઈ! હવે સમજ્યા? કોઈનું કામ કરીએ તો તેને વહાલા લાગીએ. કોઈને નડીએ તો તે આપણને નડે. કોઈનું ભલું કરીએ તો તે આપણું ભલું કરે. ભલું કરે ભલું થશે, બુરૂં કરે બુરૂં થશે, એમ ડાહ્યા લોકો કહે છે. ભાઈ, મારી પેઠે તમેએ લોકોના ઉપયોગમાં આવશો ને બગાડ નહિ કરો, તો તેઓ તમને પણ ચાહશે.

પાઠ ૧૪. માટીનાં પુતળાં.

મોજમજા સાજું ઉલટભેર અંગેઠી

મગન પોતાને મોસાળ ગયો હતો. ત્યાં તેના મોળાઈ ભાઈ સાથે તેને ખેતર ગયો. ધાન્યથી ભરેલાં લીલાં ખેતરો જોઈ તેની આંખ ટાઢી થઈ. ખેતરમાં અંગેઠી સળગાવી હતી, ત્યાં બેસી તેણે જુવારનો પોંક ને ચટણી ખાધાં.

દશ પંદર દિવસ મામાને ઘેર ખૂબ મોજમજા કરી. પછી ઘેર આવવા નીકળ્યો. તેના મામાએ તેને માટીનાં બે પુતળાં આપ્યાં, ને કહ્યું કે ભાણાભાઈ, એક તું રાખજે ને બીજું હરી બેનને આપજે. મગને પૂછ્યું, હું કયું રાખું અને બેનને કયું આપું? મામાએ કહ્યું, બંને સરખાં છે, તમને ગમે તેમ વહેંચી લેજો.

પુતળાં જોઈ મગન ઘણો હરખાયો. ઘેર જઈ માને પુતળાં બતાવવાને તેનું મન તલપી રહ્યું હતું. તે ઉલટભેર દોડતો ચાલ્યો, અને ઠેસ વાગવાથી પડી ગયો, ને એક પુતળું ભાંગ્યું. તેના કકડા એકઠા કરી ધોતલીમાં ઘાલી તે ઘેર આવ્યો.

માને પેલું પુતળું તથા કકડા બતાવી તે બોલ્યો, જો મા, આ મારૂં ને આ ભાંગેલું પુતળું હરી બેનનું છે. હું પડી ગયો, તેથી એ ફૂટી ગયું. તેના બધા કકડા લાવ્યો છું. બેનને તે આપી દઉં? માએ પૂછ્યું, બેટા, શાથી પડી ગયો? ઠેસ વાગવાથી. ઠેસ કેમ વાગી? હું હોંસભેર દોડ્યો તેથી બાઈ,

એમ દોડીએ નહિ. જોયું, દોડ્યાથી તું પડ્યો ને પુતળું ભાંગી ગયું. વારૂ, ભાંગેલું પુતળુંજ હરી બેનનું એ તું શા પરથી કહે છે? મામાએ કહ્યું હતું કે બંને સરખાં છે. તમને ગમે તેમ વહેંચી લેજો.

છોકરાનું બોલવું સાંભળી મા હસી. તે બોલી, ભાઈ સાંભળ, કદી હરીને આ પુતળાં આપ્યાં હોત, ને તેનાથી એક ફૂટ્યું હોત, પછી તે ફૂટેલું તને આપત, તો તે તું લેત ખરો કે?

આ સાંભળી મગન પસ્તાયો. તે સમજ્યો કે ભૂલ તો મારી થઈ છે, તેમાં હરી બેનનો વાંક શો? આ સાજું રમકડું એને આપું. તેણે એ વિચાર માને જણાવ્યો. છોકરાની સારી સમજ જોઈ માએ તેને હરખથી છાતી સાથે દાબ્યો અને કહ્યું, આ સાજે રમકડે તમે બેઉ રમજો. હવે પછી નકામી ઉતાવળ કરવી નહિ.

પાઠ ૧૫. ભાઈ બેનના સમજી જવા વિષે.

ઢીંગલી સહીઅરો સંતાપ ક્લેશ ચીથરાં

વિવાહ નિંદે ખેંચતાણ કટ્ટા બળવંતા

બેન, તારી ઢીંગલી મને જોવા દે. ભાઈ, મેં તને કાલે મારો તકતો આપવા ના પાડી, તેથી તેં ઝૂટ પડાવી, એટલે તે પડીને ભાંગી ગયો. માટે હવે ઢીંગલી નહિ આપું.

મેં કંઈ જાણી જોઈને ભાંગ્યો હતો, બેન? હું તો જોવા ગયો, એટલામાં હાથમાંથી સરી પડ્યો ને ભાંગ્યો, એમાં હું શું કરૂં? એ

તો કાચનો ને બરડ તેથી એમ થયું; પણ આ તો ચીંથરાંની છે, તેને પછાડીએ તોએ ભાંગે નહિ.

ભાઈ, તું કહી રહ્યો? હું કદી તને ઢીંગલી આપીશ નહિ. તું ખેંચતાણ ન કર. નહિતો હું બાને કહીશ, કે ભાઈ મને કાયર કરી પજવે છે. તું આઘો જા. મારે તો વેળાસર ઢીંગલીને શણગારવી છે. હમણા મારી બેનપણીઓ રમવા આવશે. તે પહેલાં મારે ઢીંગલીનો ચોટલો વાળી, સારાં લુગડાં પહેરાવી, ઘરેણાં ઘાલી તૈયાર કરવી છે.

જા ત્યારે, મારે તારી ઢીંગલી ન જોઈએ. એક ફુટી બદામ પણ ઉપજે એવી એ નથી. બાપાજીએ મને સરસ વાજું અપાવ્યું છે, તે હું પણ તને નહિ બતાવું. જો, હું ઉપર જઈ તે વગાડું છું. ભલે જા, વગાડ. મારે તારૂં વાજું નથી જોઈતું. એમાં શું જોવું છે! મેં એક વાર જોયું છે. તેં ક્યારે જોએલું, બેન? આણ્યું ત્યારથી તો તે કબાટમાં મૂકેલું છે.

ભાઈ, બાપાજી લાવ્યા, ત્યારે મેં એ દીઠું હતું. તે વેળા મેં વાજું માગ્યું હોત, તો મને આપત. પણ મને તો ઢીંગલી વહાલી લાગી, તેથી મેં તે લીધી. હું એને પરણાવીશ, મારી સહીઅરો ગીત ગાશે ને અમે બધાં રમીશું.

વારૂ, બેન, ત્યારે ઢીંગલીના વિવાહમાં હું વાજું વગાડવા આવું, તો તું કહાડી મૂકશે? વળી એમાં કહ્યા શી છાંડવી છે!

તું આવું બોલી મને સંતાપ નહિ. આપણે હળીમળીને ચાલીએ તો સારૂં.

ઠીક, બેન, હવેથી હું તારી સાથે હેતથી રમીશ, ને તું કહીશ તે કરીશ. સાંભળ બેનઃ—

(ચોપાઈ.)

મળી આપણ જણ બંને બેન, સંપી રમીએ તો સુખ ચેન;
લડે રડે તો સઘળો શોક, લાજ ઘટે ને નિંદે લોક. ૧.
બળવંતા પરમેશ્વર બાપ, અમને સંપ સદા તું આપ;
જેથી સુખમાં દા'ડા જાય, કદીએ લેશ ક્લેશ ન થાય. ૨.
હળતાં મળતાં બાળક હોય, કદીએ લડે રડે નહિ કોય;
રમે જમે ને ગીતો ગાય, માતા મનમાં રાજી થાય. ૩.

પાઠ ૧૬. બાળ રામચંદ્રજી.

શ્રીરામ ઝોડઝપટ માદળીઆમાં કૌશલ્યા ધંતરમંતર પ્રધાન જંત્ર દર્પણ

એક પુનમની સાંજે શ્રીરામને કૌશલ્યા મા રમાડતાં હતાં. એટલામાં પૂર્વ તરફ ચંદ્રમા ઊગ્યો. ચંદ્રમાને જોઈ તેને લેવાની શ્રીરામની ઇચ્છા થઈ. ચંદ્ર ભણી તેમણે બંને નાનકડા રૂપાળા હાથ ધર્યા, પણ કૌશલ્યા મા કંઈ સમજ્યાં નહિ. રામજી રડવા લાગ્યા ને માજી ગભરાટમાં પડ્યાં. છેવટે માજી સમજ્યાં કે રામજી ચંદ્રમા માગે છે. તેમનું મન

ફેરવવા એમણે ભાત ભાતનાં રમકડાં આણી મૂક્યાં. તરેહ તરેહનાં વાજાં મંગાવી આપ્યાં ને બીજાં ઘણાંએ ફાંફાં માર્યાં, પણ રામજીએ કંઈ ગણકાર્યું નહિ. સર્વે ફેંકી દઈ ડસકાં ખાતાં રોણ જારી રાખ્યું.

એટલામાં મહેલની બીજી રાણીઓ ને કેટલીક બાઈઓ આવી એકઠી થઈ. કોઈ પણ શ્રીરામને રડતા બંધ રાખી શક્યું નહિ. કોઈ કહે કે એ ખીજવાયા છે, ને કોઈ કહે કે રડ પર ચઢ્યા છે. કૌશલ્યા માએ તેમને ગોદમાં લીધા. મધુર હાલરડું ગાયું, પણ રામજીનું રોણ બંધ થયું નહિ. કોઈ બાઈ કહે કે એમને ઝોડઝપટ લાગી છે. ધંતરમંતરવાળાને બોલાવો. તે આવ્યો. તેણે જંત્ર લખી આપ્યો. તે માદળીઆમાં ઘાલી હાથે બાંધ્યો. પણ રામજી કેમે કરી રડ છોડે નહિ, કે ધીરા પડે નહિ.

પછી મહારાજા દશરથ આવ્યા. તેમણે રામજીને છાના રાખવાને ઘણું કર્યું, પણ કંઈ વળ્યું નહિ. પછી મહારાજે પોતાના મોટા પ્રધાનને બોલાવી મંગાવ્યા. પ્રધાનના સમજવામાં આવ્યું કે રામજી ચંદ્રમા માગે છે. તેમણે એક દર્પણ મંગાવ્યું, અને રામજીના હાથમાં આપ્યું. દર્પણમાં ચંદ્રમા દેખાયો. તે જોઈને રામજીએ તરત રડવું બંધ કીધું, ને પાછું હસવા તથા રમવા માંડ્યું. એ જોઈને બધાંને ઘણો આનંદ થયો. પછી સૌ પોતપોતાને ઠેકાણે ગયાં.

પાઠ ૧૭. વગર વિચાર્યું ન કરવા વિષે.



બ્રાહ્મણ ગુસ્સો ભાંગીતૂટી વિદ્યાર્થી મૂર્ખ ભલેરા કચરોપુંજો પુત્ર

એક ગામમાં એક બ્રાહ્મણનું જોડું રહેતું હતું. તે ધણી ધણીઆણી રોજ સુરજ ઊગે તે પહેલાં ઊઠતાં. બાઈ કચરો-પુંજો કાઢવાના કામથી પરવારી પોતે નાહી લેતી, ને પછી ઘરનું બીજું કામ કરતી. બ્રાહ્મણ નાહી ધોઈ ભક્તિ કરતો, ને પછી વિદ્યાર્થીઓને ભણાવતો. બપોર પછી કથા વાંચતો, ને તેમાંથી જે કંઈ મળતું, તે વડે પોતાનું ગુજરાન ચલાવતો. આમ તે બેઉ જણ સુખે રહેતાં હતાં. એમને પેટે છોકરાં છૈયાં ન હતાં. એથી બાઈને ઘણું ઓછું આવતું. તેના ધણીને વેળાએ વેળાએ કહે, મેં શાં પાપ કર્યાં હશે, કે મારે પેટે છોકરો નહિ? ત્યારે તે કહે, ઈશ્વર પર આધાર રાખો, તે સૌ સારૂંજ કરશે.

એક દિવસે તેમના આંગણામાં એક નોળીઆનું બચ્ચું તરફડતું તરફડતું આવ્યું. તેના પર બાઈને દયા આવી. તેને રાખ્યું ને દૂધ પાઈ ઉછેરીને મોટું કર્યું. આગળ જતાં

તેમના પર ઈશ્વરની મહેર થઈ, તેથી એક છોકરાનો જન્મ થયો. તેમની દયા ને ભક્તિનું ફળ મળ્યું.

એક દહાડો છોકરાને પારણામાં સુવાડી નોળને સોંપી તે પાણી ભરવા ગઈ. બાઈ પાણી ભરી પાછી આવી. નોળીઓ તેની સામો આવ્યો. તેનું મોઢું લોહીઆળું હતું. તે જોઈ બાઈના મનમાં આવ્યું, કે એણે મારા દીકરાને કરડી મારી નાખ્યો. તેને ઘણો ગુસ્સો ચઢ્યો, ને પાણી ભરેલું બેડું નોળીઆ પર નાખ્યું. નોળીઓ મરી ગયો.

પછી ઘરમાં આવીને જોયું, તો છોકરો પારણામાં રડતો દીઠો. છોકરે સાપના કકડા ભણી આંગળી કરી ભાંગીતૂટી બોલીમાં સમજાવ્યું કે નોળીએ માર્યો. આ જાણી બાઈ બહુ પસ્તાઈ. તે બોલી કે હું કેવી મૂર્ખ, પાપી, અભાગણી કે મારા પુત્રનો જીવ બચાવનારનેજ મેં માર્યો! પછી તે બહુ રડવા લાગી, પણ શું વળે? કહ્યું છે કે:—

વગર વિચાર્યું જે કરે, પાછળ તે પસ્તાય;
દેખો એવાં કામથી, જાન ભલેરા જાય.

પાઠ ૧૮. હોશિઆર કુતરો.

ઝુંફાળું ગાર્ડ પંપાળી ખબરદાર
શીરનામું કેળવ્યો સ્ટેશન
છાપાવાળા સિસોટી મિનિટ

એક છોકરાને તેની માએ કંઈ સંદેશો સોંપ્યો હતો. તે પહોંચાડી પોતાને ઘેર પાછો આવતો હતો. એટલામાં

રસ્તે તેણે એક ખોડંગતો કુતરો પાછળ પાછળ આવતો દીઠો. આ માયાળુ છોકરાએ જાણ્યું કે એ દુઃખી છે, મારી મદદ માટે આવે છે, માટે તેણે તેને આવવા દીધો.

ઘર આવ્યું ત્યારે બીજા નાનાં ભાઈભાંડુ હતાં, તેમણે કુતરાને દીઠો. સઘળાંએ મળી પોતાની માની રજા લઈ તેને પાળ્યો. એકે એને ગરમ પાણી કરી નવાડ્યો. બીજાએ પાટો બાંધ્યો. ત્રીજાએ સુવાને હુંફાળું પરાળ પાથરી આપ્યું, ને ચોથાએ ખાવાનું આપ્યું. છોકરાની નાની બેને એનું નામ દીપડો પાડ્યું. પેલા છોકરાએ કુતરાને કંઈ કામ શીખવવાનો વિચાર કર્યો. પોતાને ઘેર રોજ છાપું આવતું હતું, તે લેવા નોકરને બદલે એને મોકલવો, એમ વિચાર કરી પોતાના બાપને કહ્યું. બાપે તે વાત પસંદ કરી તેને શાબાશી આપી.

છોકરાએ છાપખાનાવાળા સાથે ગોઠવણ કરી જણાવ્યું, કે અમારૂં છાપું આગગાડીના ગાર્ડને શીરનામું કરી આપજો. પછી સ્ટેશન પર જઈ પોતાના મિત્ર ગાર્ડને મળ્યો. તેને કહ્યું કે મારા ગામનો રસ્તો લોઢાની સડકથી જુદો પડે છે, ત્યાં એ છાપું તમે રોજ ફેંકજો.

આવી ગોઠવણ કરી બીજે દહાડે કુતરાને લઈ બાપ તથા છોકરાં નીમેલે ઠેકાણે ગાડીને વખતે ગયાં. ગાડીનો ખડખડાટ તથા સિસોટીનો અવાજ દૂરથી સાંભળી, પુછડી સંતાડી, કુતરો પાછે પગે ખસવા લાગ્યો. તેને ડરતો જોઈ

શેઠે પંપાળીને કહ્યું, બચ્ચા, ડર નહિ. એવામાં આગગાડી નજીક આવી પહોંચી. ઠરાવ પ્રમાણે ગાર્ડે છાપું ફેંક્યું. શેઠે કુતરાના મોંમાં આપી પોતાની પાછળ આવવા કહ્યું, ને સઘળાંએ ચાલવા માંડ્યું.

ત્રણ દિવસ શેઠે આ રીતે એને કેળવ્યો. ચોથે દહાડે આઠ કલાકમાં પંદર મિનિટ બાકી રહી, કે તેને છાપું બતાવ્યું. પછી બારણા તરફ આંગળી કરી કહ્યું, ટીપડા, જા બચ્ચા. કુતરો ઝપાટાબંધ ચાલ્યો, ને સવા આઠ કલાકે મોઢામાં છાપા સાથે હાંફતો હાંફતો શેઠને ઘેર પાછો આવ્યો. ત્યારપછી એ પ્રમાણે રોજ સવારે તે છાપું લાવતો. કેવો હોશિઆર ને ધણીનું કામ કરનારો ખબરદાર કુતરો!

પાઠ ૧૯. ભલો છોકરો.

હીંચકા ઢીમણું રીતસર વેગળા
તોફાની છાતીવાળો

એક ઝાડની ડાળીએ મોટું દોરડું બાંધી કેટલાક છોકરા હીંચકા ખાતા હતા. કામ રીતસર ચાલે માટે એવો ઠરાવ કર્યો હતો, કે એક છોકરો બેસે ને બે તેને હિંચોળે. એ પ્રમાણે કરતાં કરતાં બધા છોકરાનો વારો આવી ગયો. પણ એક ગરીબ છોકરો હતો, તેનો વારો તો આવેજ નહિ.

તે બિચારો જાતે હીંચકા આગળ ગયો, પણ તેને કોણ બેસવા દે? ઉલટું એક તોફાની છોકરે આવી તેને ખસેડી મૂક્યો ને કહ્યું, ચાલ્યો જા, આ હીંચકો તારે માટે બાંધ્યો નથી.

થોડી વાર પછી પેલો ગરીબ છોકરો બધાની વચ્ચે પાછો માથું મારી ગયો. પેલે તોફાની છોકરે તેને કોણી મારી. તે તેની આંખ પાસે વાગી, તેથી તેને એક ઢીમણું થયું. તે રોતો રોતો એક બાજુએ જઈ ઉભો રહ્યો.

આ જોઈ કોઈ કંઈ બોલ્યું નહિ. પણ એક ખરૂં બોલનારો ને છાતીવાળો છોકરો હતો, તેને દયા આવી. તે પેલા ગરીબ છોકરા કને ગયો, ને તેનો હાથ પકડી હીંચકા આગળ લાવ્યો. ત્યાં પેલો તોફાની છોકરો ઉભો હતો તેને તેણે કહ્યું, આ હીંચકો મારા કે તારા એકલાનો નથી. બધાએ રમવાને માટે બાંધ્યો છે. આટલા બધા હીંચકા ખાધા તોએ તું ધરાયો નહિ? તું આ ગરીબને શા માટે હડસેલી કાઢે છે? એ આપણી સાથે રમવાને આવેલો છે, માટે એને પણ આપણે રમવા દેવો જોઈએ. એમ કહી જે છોકરા હીંચતા હતા તેમને વેગળા ખસેડ્યા.

પછી પેલા ગરીબ છોકરાને હીંચકા પર ચઢાવ્યો. પોતે તથા એક બીજા સાથીએ મળી તેને દોરડે બઝાડીને પેટ ભરી હીંચકા ખવડાવ્યા. એથી તે રાજી થયો, ને પેલા ભલા છોકરાનો ઘણો પાડ માન્યો.

પાઠ ૨૦. પાદશાહ અને આરબ સુબો

સમજુતી ફરજંદ ગુનો તહેનાત ઓદ્ધો નીમણુક છોકરવાદી . ચીતરામણ

ખલીફા ઉમર કરીને એક પાદશાહ હતો. તે પોતાની રૈયતને સુખી કરવાને ઘણી ખંત રાખતો. એના દરબારમાં એક આરબ આવતો હતો. તે શરીરે મજબુત, દેખાવડો, ભણેલો ને હોશઆર હતો. તેની હોશિઆરી જોઈ પાદશાહે તેને એક મુલકના સુબાની જગા આપી. પોતાની નીમણુકની જગાએ જતા પહેલાં તે પાદશાહ પાસે હુકમ માટે આવ્યો.

પાદશાહ તે વખતે પોતાના ખાસ ઓરડામાં નાનાં શાહજાદા શાહજાદીઓ સાથે બેઠો હતો. તે તેમની સાથે વાતચીત કરતો, તથા ચીતરામણ અને રમકડાંથી રમત ગમત કરતો હતો.

આરબ સુબો રજા લઈ પાદશાહની તહેનાતમાં હાજર થયો. પાદશાહ હેત ભાવથી છોકરાં સાથે ગમત કરતો હતો, તે જોઈ તેના મનમાં આવ્યું, કે પાદશાહ આ શું કરે છે? પોતે મોટા માણસ છતાં નાનાં બાળકો સાથે આમ રમે છે, એ કેવી છોકરવાદી!

તે આમ વિચાર કરે છે, એટલે પાદશાહે તેને આવવાનું કારણ પૂછ્યું. તે બોલ્યો, નામદાર, હું કાલે નોકરી પર જવા ધારૂં છું, હુકમ હોય તે ફરમાવશો. પાદશાહે કેટલીક

સમજુતી આપી. તે પાદશાહ પાસે ઘણા દિવસ થયાં આવતો હતો, તેથી જરા મોંએ ચઢેલો હતો. તેણે પાદશાહને પૂછ્યું, કે હુકમ હોય તો કંઈ અરજ કરવા ધારૂં છું. પાદશાહે હા કહી. આરબે કહ્યું, નામદાર, આપનાં ફરજંદોને બધી વાતનું સુખ છે. તેઓ લાડમાં ને લાડમાં ઉછરે છે. આપ પણ તેમને આવાં લાડ લડાવો છો, તો તેઓ આગળ જતાં બગડશે નહિ? મારે ત્યાં અલ્લાએ આપેલાં છોકરાં છે. તેઓ દેખાવડાં છે, તે છતાં એક દિવસ પણ તેમની સાથે હું ખેલતો નથી. ગુનો માફ કરશો.

એ સાંભળી પાદશાહે વિચાર્યું, કે આ માણસના દીલમાં કંઈ વહાલ નથી. તે સુબાની જગા પર જઈ રૈયતની શી સંભાળ લેશે? પાદશાહના મનમાં એ સુબા વિષે સારો વિચાર હતો, તે હવે બદલાઈ ગયો. તેને દીલગીરી થઈ કે આવા માણસને મેં મોટા ઓહ્દા પર નીમ્યો. તેણે કહ્યું કે મીઆં, જે માણસ પોતાનાં છોકરાં પર વહાલ રાખતો નથી, તે રૈયત પર શી રીતે વહાલ રાખશે? તારા સરખા કઠણ હૈયાનો માણસ મારી રૈયતને સુખ આપી શકશે નહિ. હું તારી નીમણુક રદ્દ કરૂં છું.

પાઠ ૨૧. આંધળો અને લંગડો.



ઢેકા ઢળીઆ ધોરી કોહલાં ખોંખારો.

એક આંધળો માણસ ચાલતાં ચાલતાં ઢેકા ઢળીઆવાળી ભોંયમાં આવી ચઢ્યો. લાકડી આમ ઠોકે તેમ ઠોકે, પણ તેને સારો રસ્તો જડે નહિ. તે ઘણો ગભરાયો ને વિચારમાં પડ્યો, કે હવે શું કરવું? સાંજ પડી જણાય છે. પક્ષી બોલતાં બોલતાં માળા તરફ પાછાં વળે છે. આસપાસ બીજું કોઈ

બોલતું ચાલતું નથી. જો અહીંજ રહેવાનું થશે તો કોહલાં, કુતરાં, વાઘ, વરૂ ફાડી ખાશે. તરસ પણ એટલી લાગી છે, કે હમણાજ જીવ જતો રહેશે.

એટલામાં એક માણસનો ખોંખારો સાંભળ્યો. તેને પોતાની તરફ બોલાવ્યો ને કહ્યું, કે ભાઈ, હું આંધળો છું ને આડે રસ્તે ચઢી ગયો છું. જો તમે મને અહીંથી ખરે રસ્તે ચઢાવશો, તો પરમેશ્વર તમારૂં ભલું કરશે. વળી મને તરસ બહુ લાગી છે. તમારી પાસે ચોકખું પાણી હોય તો થોડું મને આપો. હું તે પીને દુવા દઈશ.

પેલા માણસે તેને પાણી પાયું. પછી કહ્યું, ભાઈ, હું પણ તમારી પેઠે આડે રસ્તે ચઢી ગયો છું. વળી હું લંગડો છું. મારાથીજ બરાબર ચલાતું નથી, તો તમને શી રીતે મદદ કરૂં? પણ એક કામ કરો. તમારૂં શરીર મજબુત છે, તેથી તમારા ખભા પર મને લઈ લો, તો હું તમને ખરો રસ્તો બતાવીશ. હું બતાવું તે રસ્તે તમે ચાલ્યા જજો, એથી બંનેનું કામ થશે.

આંધળાને લંગડાની આ વાત ઘણી સારી લાગી. પછી તેણે લંગડાને ખભે બેસાડી દીધો. લંગડો જે બાજુએ જવા કહેતો, તે તરફ આંધળો જતો. તેમ કરવાથી થોડી વારમાં ખરાબ રસ્તામાંથી બંને જણ સારા ધોરી રસ્તા પર આવી ચઢ્યા. અહીં પેલા લંગડાએ કહ્યું, ભાઈ, ઉભો રહે, હવે મને ઉતરવા દે. આંધળો કહે ના. હવે તો કોઈ ગામ આવશે ત્યાંજ તને ઉતારીશ. થોડી વાર પછી

તેઓ એક ગામ જઈ પહોંચ્યા. એમ એક બીજાની મદદથી બંનેને લાભ થયો.

પાઠ ૨૨. કુતરો અને તેનો પડછાયો.



ભાગોળ કિનારે દાનત

એક કુતરાને ભાગોળમાંથી એક હાડકું જડ્યું. તેને તે ચાટે, ધૂળમાં દાટે ને પાછું કાઢીને કરડે. થોડી વાર પછી તેના મનમાં આવ્યું, કે જો અહીં થોભીશ તો બીજાં કુતરાં આવશે, ને તે ભાગ પડાવવા તૈયાર થશે. માટે નદીને સામે પાર જઈ ત્યાં ખાઉં. પોતાના મોંમાં એ હાડકું લઈ તે દોડતો દોડતો નદી કિનારે આવ્યો. પછી કુદકો મારી નદીમાં પડ્યો. તે તરતો તરતો અર્ધી નદી ઝટ ઉતરી ગયો. ત્યાં ભાંગેલો પૂલ હતો, તે પર ચઢ્યો ને જરા થાક ખાવાં ઉભો.

અહીં તેણે નદીમાં નીચે જોયું, તો તેને કોઈ બીજો કુતરો હાડકું લઈ ઉભેલો જણાયો. કુતરો અદેખો ને લોભી હતો, તેથી એણે પાણીમાંના કુતરાનું હાડકું ઝુટવી લેવા તરાપ મારી.

આમ કરવાથી તેની પાસે હાડકું હતું તે પાણીમાં પડ્યું, ને તળીએ જઈ બેઠું. પાણીમાં કંઈ ખરો કુતરો ન હતો. એ તો તેનો પડછાયો હતો, માટે તેના મોઢામાં હાડકું દેખાતું હતું. તે હવે દેખાતું બંધ થયું. તેણે તે હાડકાને માટે ઘણાંએ ફાંફાં માર્યાં, પણ મળ્યું નહિ. આખરે થાકીને ભાં ભાં કરતો તે સામે પાર ગયો. ત્યાં કંઈ ખાવાનું મળ્યું નહિ ને ભૂખે મુઓ.

પોતાનું હાડકું સુખે ખાધું હોત, તો એને ભૂખે મરવું પડત નહિ. એને બીજું જોઈતું હતું, તો તે માટે જમીન પર જઈ ખોળ કરવી હતી. તેમ નહિ કરતાં બીજાનું પડાવી લેવાની દાનત કીધી, તેથી પોતાનુંએ ગુમાવ્યું. જે લોભ કરીને બીજાનું લેવા તાકે, તે પોતાની પાસે કંઈ હોય તે પણ ગુમાવે છે.

પાઠ ૨૩. એક બ્રાહ્મણ ને ત્રણ ઠગ.

ખરીદ દરકાર જનોઈ હડખાએલા

સંદેહ ઠાવકું અભડાયો

એક બ્રાહ્મણે એક બકરૂં ખરીદ કર્યું. તેને ખભે લઈ તે પોતાને ગામ જતો હતો. વાટમાં તેને કેટલાક ઠગ મળ્યા. તેમણે તેની પાસેથી એ બકરૂં પડાવી લેવાનો વિચાર કર્યો.

તેની પાસે પહેલો એક ઠગ આવ્યો. તે એક કાન તરફ માથું નમાવી, આંખ ફાડી ને મોં પહોળું કરી, અચરજ પામતો હોય તેમ ઉભો. પછી કહેવા લાગ્યો, કે મહારાજ, તમે આ હડખાએલા કુતરાને કેમ લઈ જાઓ છો? બ્રાહ્મણે કહ્યું, ભાઈ, તું મૂર્ખ દેખાય છે કે આ બકરાને હડખાએલું કુતરૂં કહે છે. એમ કહી તેને ન ગણકારતાં આગળ ચાલવા માંડ્યું.



તે થોડેક ગયો એટલે બીજો ઠગ મળ્યો. તેણે પણ પહેલા ઠગની પેઠેજ કહ્યું. આથી મહારાજના મનમાં સંદેહ

પડવા માંડ્યો, કે હું બકરાને બદલે કુતરૂં તો લઈ જતો નથી? વળી એ કુતરૂં હડખાયું કહે છે, તો રખે મને તે કરડે, ને તેથી મને હડખવા લાગે. એમ થાય તો હું મરી જઈશ; પણ એમ હોય નહિ. એવું ધારી તેનીએ દરકાર કરી નહિ અને ચાલતો થયો.

આગળ જતાં ત્રીજો ઠગ મળ્યો. તેણે મોં ઠાવકું રાખી કહ્યું, તમે જનોઈ પહેરેલું છે, તેથી બ્રાહ્મણ જેવા દેખાઓ છો. પણ આ શું? બ્રાહ્મણ તો કુતરાને અડે નહિ, માટે તમે કોઈ શિકારી હશો, તેથી શિકાર પકડવા કુતરૂં લઈ જતા હશો. ભલે, ગમે તે હો, પણ આ કુતરૂં તો હડખાયું છે, માટે બચકું ભરશે તો વગર મોતે મરશો. હું તો તમારા ભલાને માટે કહું છું. એમ કહી તે ચાલતો થયો.

બ્રાહ્મણે વિચાર્યું કે આ બધા કંઈ જુઠું બોલે નહિ. મારીજ આંખની ખામી છે, તેથી હું કુતરાને બકરૂં દેખું છું. એમ વિચારી બકરૂં છુટું મૂકી દીધું. પોતે કુતરૂં ઉંચક્યાથી અભડાયો, તેથી પાસેની નદીમાં નાહવા ગયો. એવામાં પેલા ઠગો બકરાને લઈ ચાલતા થયા.

આ રીતે પોતાની આંખે ખુલ્લું દેખાયા છતાં, તે પર ભરોસો ન રાખવાથી બ્રાહ્મણે બકરૂં ગુમાવ્યું.

પાઠ ૨૪. ચોરી ન કરવા વિષે.

ગોળમટોળ   ચટાપટા   છાનોમાનો

મનુભાઈ, તું કેમ રડે છે? મને ભાનુએ માર્યો તેથી. શા માટે માર્યો? ભાનુ કોઈ સાથે લડતો નથી, તેમ કોઈને મારતો નથી. તે સારો છોકરો છે. પણ તેં એને કંઈ કર્યું હશે. મેં તો કંઈ કર્યું નથી. ફક્ત એનો કાચનો લખોટો લીધો હતો.

તેં એને પૂછીને લીધો હતો? ના, મેં પૂછ્યું ન હતું. પૂછવાનું શું કામ? તે ગોળમટોળ અને ચળકતો હતો, ને તેમાં તરેહ તરેહના રંગના ચટાપટા હતા. તે મને ઘણો ગમ્યો, તેથી તેને ત્યાં હું ગયો ત્યારે છાનોમાનો લઈ આવ્યો. એમાં મેં તેનું શું બગાડ્યું?

વારૂ, એણે તારી પાસે પોતાનો લખોટો જોયો, ત્યારે પાછો માગ્યો હતો? હા. પણ મને એ ઘણો રૂપાળો લાગ્યો, તેથી મેં આપ્યો નહિ. ત્યારે એણે છીનવી લીધો, ને મને ચોર ચોર કહીને માર્યો.

તેણે તને માર્યો ન હોત તો ઠીક. પણ તેં ઘણું ખોટું કામ કર્યું હતું. હું એવું કામ ન કરૂં એટલુંજ નહિ, પણ કોઈ કહે તોએ ન કરૂં. શી રીતે મેં ખોટું કામ કર્યું? મને ગમ્યો ને મેં લીધો, એમાં ખોટું શું? જો, હું તારી આ ચોપડી ને પેલી ટોપી, તને પૂછ્યા વિના લઉં તો તે તને ઠીક લાગશે કે? એ તો મારાં છે, તારાથી કેમ લેવાય?

ત્યારે તારાથી ભાનુનો લખોટો કેમ લેવાય? જો તારું કોઈથી ન લેવાય, તો બીજાનું તારાથી શી રીતે લેવાય?

હા. હવે હું સમજ્યો. મેં પુછ્યા વિના એનો લખોટો લીધો, માટે માર ખાધો. ભાઈ, એનુંજ નામ ચોરી કહેવાય. એમ કે? હવે, મને માજીએ એક વખત કહ્યું હતું તે યાદ આવ્યું, કે ચોરી કરીએ તો ચોર કહેવાઈએ, લોક ભરોંસો ન કરે, અને રાજા સજા કરે. તે શિખામણ હવે હું કદી ભૂલીશ નહિ.

પાઠ ૨૫. કુહાડી.

ડર્યો સમાતાં નિહાળ્યું સંપત ઝૂલતાં

(ભુજંગી છંદ.)

પિતાની કુહાડી લઈ બાળ નાનો,
બન્યો ભાયડો હોય બા'દુર શાણો;
કરે ઘાવ કાપે કંઈ ચીજ ભાળે,
ગયો ખેલતો ગામ ઝાંપે તળાવે. ૧

હલાવ્યું જરા માછલે નીર તાંહી,
નિહાળ્યું કંઈ બાળકે પાણી માંહી;
ડર્યો બાળ દીલે પડી તો કુહાડી,
રડ્યો તે ઘડી ને જરા ચીસ પાડી. ૨


સદા પાણીમાં ઝૂલતાં ને સમાતાં,
સૂણી સાદ આવ્યાં ભલાં દેવી માતા;

વદે દેવી લે આ રૂપાની કુહાડી,
કહે બાળ, માતા, નથી એવી મારી. ૩
બીજી વાર સોનાની લાવી બતાવી,
નહિ એ કહે બાળ માથું હલાવી;
મને તો ગમે મારી સારી કુહાડી,
ભલાં માત દો પાણી માંહેથી કાઢી. ૪

(દોહરો.)

દેવીએ કાઢી દીધી, બોલી બાળક સાથ;
સુખ સંપત હોજો તને, મે'ર કરે જગનાથ.

પાઠ ૨૯. આરબ અને તેનો ઘોડો.



ભરપુર દેશાવર વેપારી
ખૂબસુરત બરદાસ

એક આરબ હતો. તે છૈયે છોકરે ભરપુર હતો, પણ પૈસે

ટકે ખાલી હતો. ધીમે ધીમે તેની હાલત બગડતી ગઈ. તે એટલી બધી બગડી ગઈ, કે કોઈ પણ માણસને માલમ પડે, કે એને ત્યાં ખાવાનું ખૂટી ગયું છે. તેની પાસે એક ખૂબસુરત અને ઉમદા ઘોડો હતો. તેના પર એને ઘણું હેત હતું.

દેશાવરથી એક વેપારી એને ત્યાં આવી ચઢ્યો. તેણે તે ઘોડો જોયો, પસંદ કીધો ને માગ્યો. આરબ કંઈ બોલ્યો નહિ. વહાલને લીધે ઘોડો વેચવા તેનો જીવ ચાલતો ન હતો. પણ શું કરે? ભૂખના કપરા દુઃખથી તે લાચાર થઈ ગયો હતો. તેથી બરાબર મૂલ લઈ પેલા શેઠને ઘોડો વેચવાનો ઠરાવ કર્યો.

પછી તે પેલા વેપારીને મુકામે ગયો. વેપારીએ રૂપીઆ તરત ગણી આપ્યા. આરબે તે લીધા, પણ તેનું મન માને નહિ. તે પાછો ઘોડા પાસે ગયો. ઘોડાને જોઈ તેનું હૈયું ભરાઈ આવ્યું. તેણે તેને પંપાળતાં કહ્યું, બચ્ચા, હું તને એક પરદેશીને હાથે સોંપું છું. તે તને બાંધી રાખશે કે માર મારશે, તારી ચાકરી કરશે કે નહિ કરે, કોણ જાણે તને બીજું શું દુઃખ થશે. એ ઠીક નહિ. ચાલ બેટા, પાછા આપણે ઘેર. જેવાં મારાં છોકરાં તેવો તું છે. મારાં છોકરાં તારી બરદાસ કરશે. તેઓ પોતાના ખાવાનામાંથી તને ખાવા આપશે. અમે ભૂખે મરીશું, પણ તને ભુખ્યો રહેવા દઈશું નહિ. તું અમારી આંખ આગળથી જાય તે અમને ન પરવડે.

આમ કહી તેણે પૈસા જમીન પર ફેંકી દીધા. ને ઘોડાને

લઈ ઘર તરફ ચાલતો થયો. ઘરનાં બધાં ભૂખે મરતાં હતાં, પણ આરબે ઘોડો વેચ્યો નહિ. જુઓ, પ્રાણી પર એનું કેટલું બધું હેત!

પાઠ ૨૭. પાણીમાં જોતું સાબર.



ભરાવ ખડખડાટ દુબળા વટાવી સંકટ પારધી

એક ચોકખા પાણીનો ઝરો હતો. તેમાં ઉતરી એક સાબર પાણી પીતું હતું. ત્યાં પોતાનો પડછાયો તેણે જોયો. એ પડછાયામાં તેનાં શીંગડાંનો ભરાવ જોઈ તે કહેવા લાગ્યું, કે મારૂં મોં આ શીંગડાંથી કેવું શોભે છે! એટલામાં તેની આંખ પગ પર પડી. તે તેને ઘણાજ પાતળા જણાયા. તેથી નારાજ થઈ તેણે બડબડવા માંડ્યું, કે આ પગે મને


લજવ્યું. નહિતો મારૂં આખું શરીર કેવું સુંદર દેખાત! મારા કુટડા શરીરમાં આવા પગ ક્યાંથી આવી પડ્યા!

આવા આવા વિચાર તે કરતું હતું, એવામાં શિકારીઓનું લલકારવું ને તેમના કુતરાનું ભસવું તેના કાન પર પડ્યું. એથી તે ચમકી ઊઠ્યું ને જીવ લઈને નાઠું. છલંગ ને ઠેકડા મારતું તે દોડ્યું. ઝટ વારમાં તે આઘે નીકળી ગયું. પારધીઓ ને કુતરા ઘણે છેટે રહી ગયા, તોપણ તેમણે તેનો કેડો મૂક્યો નહિ.

સાબર દોડતું દોડતું પાધર વટાવી એક ઝાડી પાસે આવી પહોંચ્યું. પારધીઓ ને તેમના શિકારી કુતરા ન દેખે, માટે તે તેમાં ભરાઈ ગયું. એ ઝાડીમાં આગળ જતાં મોટાં ઝાડો હતાં. તેની ડાળીઓ ચોપાસ ફેલાએલી હતી, તેમાં તેનાં શીંગડાં ભરાઈ ગયાં. તેણે તે કાઢવા ઘણી ખેંચતાણ કરી, પણ કંઈ વળ્યું નહિ. એવામાં ખડખડાટ સાંભળી ત્યાં કુતરા આવી પહોંચ્યા, ને તેને ઝાલ્યું.

એ વખતે તેના મનમાં આવ્યું, કે જે પગને હું વખોડતું હતું, તેણે તો મને સંકટમાંથી બચાવ્યું. પણ જે શીંગડાંના ભરાવ પર હું મોહી પડ્યું હતું, તેણેજ મને ફસાવી દીધું. એ શીંગડાં ન હોત તો કેવું સારૂં થાત! હવે મને સમજ પડી, કે કોઈ પણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮. નકલ કરનાર શિઆળ.



રંગરેજ જરદી ધગધગતી

એક શિઆળ હતું. તે ઘણા દિવસથી વાઘ બનવાની ઇચ્છા રાખતું હતું. એક વખત તે ઘણું ભુખ્યું થયું, તેથી પાસેના શહેરમાં ગયું. ત્યાં તે કુતરાંની નજરે પડ્યું. તે બધાં ભસતાં ભસતાં તેની પાસે આવ્યાં. તેમણે તેને બચકાં પણ ભર્યાં. શિઆળ ઘણું ગભરાયું. આખરે જીવ બચાવવા એક રંગરેજના ઘરમાં પેઠું. ત્યાં જરદીના પાણીથી ભરેલું એક મોટું વાસણ હતું, તેમાં ગભરાટથી તે પડ્યું. આથી આખે શરીરે રંગનો પાસ બેસી ગયો. કેટલીક વાર પછી તે બહાર આવ્યું, ને બીકનું માર્યું જંગલમાં નાસી ગયું. તેને રંગાએલું જોઈ સિંહ, વાઘ, દીપડા, વરૂ વગેરે જંગલનાં પ્રાણી બીવા લાગ્યાં. શિઆળ તરત સમજી ગયું, કે બધાં મારાથી ડરે છે.

હવે તેણે જંગલના રાજા થઈ બેસવાનો વિચાર કર્યો. પકડાઈ ન જવાય એવી રીતે તેણે ચાલવા માંડ્યું. તેણે

જંગલનાં બધાં પ્રાણીઓને ભેગાં કરી કહ્યું, ભાઈઓ, તમે ગભરાશો નહિ. પરમેશ્વરે મને વનનો રાજા કર્યો છે, માટે હું આવ્યો છું. હું બરાબર રાજ કરીશ, ને તમને સૌને સુખી કરીશ. પછી તેણે સિંહને પ્રધાનનું, વાઘને પથારી સાચવવાનું, દીપડાને પાન આપવાનું, ને વરૂને આંગણે ચોકી કરવાનું કામ સોંપ્યું. એ રીતે તેણે રાજ ચલાવવા માંડ્યું.

એક દહાડો તેણે વાઘના જેવા ચટાપટા પોતાના ડીલપર પાડવાનો વિચાર કીધો. તે માટે તે એક લુહારની કોઢમાં પેઠયું. ત્યા ભઠ્ઠીમાં લોઢાના સળીઆ ધગધગતા હતા, તે લઈ પોતાના ડીલ પર ચાંપ્યા. એથી તે દાઝયું ને મરી ગયું. જે કોઈ બીજાની ખોટી નકલ કરે છે, તેના આખરે આવા બુરા હાલ થાય છે.

પાઠ. ૨૯. કેરી ને સાકર.

પિએર રડ્યુંખડ્યું ટાંકણે ચડભડી ભારેખમ

જેઠ મહીનામાં નાનુભાઈનાં લગ્ન હતાં. તેથી વરા માટે ચોખા, દાળ, ઘી, સાકર વગેરે ઘણો સામાન આણ્યો હતો. તેમાંથી થોડીક સાકર વધી હતી. નાનુભાઈની વહુને લઈ જવા તેને પિએરથી કેટલાંક માણસ આવ્યાં હતાં. તેમને જમાડવાને માટે નાનુભાઈના બાપે મણ બેએક કેરી આણી હતી.

એ ટાંકણે સાકર ને કેરીનો મેળાપ થયો. સાકરે કહ્યું, તું કેમ અહીં આવી? કેરી બોલી, બેન, મને જે કોઈ હેતથી

લઈ જાય તેને ત્યાં હું જાઉં છું. સાકર કહે, તું એવી મોટી ને ડાહી ખરી, કે તને બધા હેતથી બોલાવે! કેરી કહે, બેન, તું શા માટે ચડભડી ઊઠી છે? હું ખરૂં કહું છું, કે હું બોલાવેલીજ આવી છું. તને નડવા° આવી નથી. સાકર બોલી, તને કોણ લેખવે છે? જો, મને તો બધાં મોઘે ભાવે લઈ જાય છે. રાજા ને મોટા લોકોના ઘરમાં મારો ઘણો ખપ છે. એ સાંભળી કેરી બોલી, એમ શા માટે શેખી કરે છે? ચૌટામાં તું ને હું બેઉ રહીએ છીએ. ઘણો ખપ તારો, તો થોડો મારોએ હશે કે નહિ? ખરી વાત તો એ છે, કે રાજા ને રંક બધા મને લઈ જાય છે. તને તો કોઈ રડ્યુંખડ્યું લે છે.

સાકર સમજી ને તેણે પૂછ્યું, એનું કારણ શું? કેરીએ કહ્યું બેન, હું મોટી થઈ બેસી મારો ભાવ ચઢાવી દેતી નથી. હું બધાંનું કામ કરૂં છું, તેથી બધાં મને ચાહે છે.

સાકરે કહ્યું, હા, મારાં દાદીમા શેરડી હતાં, તે પણ એમજ કહેતાં હતાં. તેનેએ બધાં હેતથી લઈ જતાં, ને તે બધાંનું કામ કરતાં. તમારૂં કહેવું ઠીક છે. ભારેખમ થઈ આપણે ખુણે બેસી રહીએ, તે કરતાં બહાર પડી બધાંના ઉપયોગમાં આવવું સારૂં છે. એમ કરવાથી વગર માગે માન મળે છે, ને સૌ કોઈ ચાહે છે.

પાઠ ૩૦. આપકર્મી અભેસીંગ.

બાપકર્મી ઓચીંતી વરમાળ રાજપાટ તડંગધુમ પ્રાર્થના પહેરામણી તીર્થ દુશ્મન સવારી

રાયપુરમાં મોહનસીંગ કરીને રાજા રાજ કરતો હતો. તેને બે કુંવર હતા. એકનું નામ માનસીંગ ને બીજાનું નામ અભેસીંગ. રાજાએ તેમને પૂછ્યું, તમે બાપકર્મી કે આપકર્મી? મોટાએ કહ્યું, બાપકર્મી; નાનાએ કહ્યું, આપકર્મી. રાજાએ મોટાને પરણાવ્યો, રાજપાટ સોંપ્યું, ને પોતે તીર્થમાં જઈ રહ્યો. નાનાને પરણાવ્યો નહિ ને કંઈ ધન આપ્યું નહિ.

એક દહાડો ભાભી કંઈ બોલી, તેથી અભેસીંગને ખોટું લાગ્યું, ને તેણે વતન છોડ્યું. દૂરના એક દેશમાં ઉદેસીંગ રાજાના દરબારમાં તે રખડતો રખડતો જઈ ચઢ્યો. રાજાને પોતાની વાત કહી. તે પરથી તેમણે એની હોશિઆરી જોઈ એને નોકરીમાં રાખ્યો.

એવામાં દશેરાનું પર્વ આવ્યું, એટલે રાજાએ મોટી સવારી કાઢી. તેમની સાથે તે પણ ગયો. ત્યાં રાજાજી પર મેદાનમાં એક વાઘે ઓચીંતી તરાપ મારી. અભેસીંગે ઘોડો ઠેકાવી પોતાની તરવારથી વાઘનું માથું ઉડાવી દીધું. આ બહાદુરી જોઈ ઉદેસીંગ મહારાજે એને સેનાનો ઉપરી બનાવ્યો.

એક સમે એ રાજ પર પાડોશનો રાજા ચઢી આવ્યો. ઉદેસીંગે પૂછ્યું, આપણા તરફથી કોણ લશ્કર લઈ લડવા જાય

છે? સામાનું મોટું લશ્કર જોઈ કોઈએ હીંમત કરી નહિ. અભેસીંગે કહ્યું, બાપજી, આપનું લૂણ ખાધું છે, તો હું લડવા જવાને તૈયાર છું. રાજાજીએ કહ્યું, ફતેહ કરો.

સેના તૈયાર થઈ, ને દહેરામાં લોકોએ રાજાની જીત માટે પ્રાર્થના કરવા માંડી. ઘંટ વાગવા માંડ્યા. તડંગધુમ, તડંગધુમ કરતા ડંકા ને ફરફરતાં નિશાનો નીકળી પડ્યાં. અભેસીંગ ફોજ લઈ દુશ્મનની સામે ચઢ્યો. તેની ફોજ સામી ફોજના ઉપર તૂટી પડી. લડાઇ ખૂબ ચાલી.

અભેસીંગે તક જોઈ ઘોડો ફેંક્યો. એક, બે ને ત્રણ ઠેકડે સામા લશ્કરનો સરદાર લડતો હતો, ત્યાં જઈ પહોંચ્યો. અભેસીંગે તરવાર મારી તેનું માથું કાપી નાખ્યું. સરદાર મુઓ કે તેના લશ્કરમાં નાસભાગ થઈ રહી. દુશ્મન રાજા પણ નાઠો, ને ઉદેસીંગના લશ્કરને ફતેહ મળી.

ફોજ પાછી ફરી. ઉદેસીંગ ને અભેસીંગ મળ્યા ને ભેટ્યા. પછી દરબારમાં આવ્યા. ત્યાં ઉદેસીંગની કુંવરી તેજબાએ અભેસીંગની બહાદુરી જોઈ તેના ગળામાં વરમાળ નાખી. ઉદેસીંગને કુંવર ન હતો, તેથી તેણે પહેરામણીમાં અભેસીંગને રાજપાટ આપી દીધું. આ રીતે અભેસીંગે રાજ મેળવ્યું. કહો, તે આપકર્મી ખરો કે નહિ?

પાઠ ૩૧. બળદ ને દેડકો.

તડુકતો ચઢાઉ ખાબોચીઆમાં મમત

એક તળાવમાં ઘણાં દેડકાં રહેતાં હતાં. તેની એક તરફનું પાણી ખસી ગયું હતું. તે ઠેકાણે લીલો ઘાસ ચારો ઘણો સારો થયો હતો. ત્યાં એક બળદ ચરવા આવ્યો. તે આખો દહાડો ચર્યો, ને ખાઈ પી ઘણો તાજો થયો. પવનની લહેરથી આમ કૂદતો તેમ કૂદતો, તડુકતો તડુકતો ધણીના ઘર તરફ તે જતો હતો. એવામાં તેનો એક પગ એક ખાબોચીઆમાં પડ્યો. તેમાં એક નાનું દેડકું હતું, તે ચગદાઈ મરી ગયું. પાસે બીજાં દેડકાં હતાં તેમાંના એકે તે જોયું. ગભરાતું, કૂદતું, ઠેકડા મારતું પોતાની મા પાસે તે દોડી ગયું. માને કહેવા લાગ્યું કે માજી, આજે મેં એક બહુ મોટો જીવ જોયો. આગળ કોઈ દહાડો આવો જીવ જોયો ન હતો. તે એવડો મોટો હતો, કે હું તને કોઈ રીતે બતાવી શકતું નથી.

દેડકી ચઢાઉ હતી. તે એમ માનતી હતી કે હું બધુંજ સમજું છું. તેણે પોતાનું પેટ ફુલાવી બચ્ચાને કહ્યું, જો, એ જીવ આવડો હતો? દેડકું બોલ્યું, ના માજી. દેડકીએ વળી પેટ વધારે ફુલાવ્યું ને બોલી, જો ભાઈ, આવડો? બચ્ચું બોલ્યું, મા, એથી મોટો. ફરીને દેડકીએ પેટ ઘણું ફુલાવ્યું, ને પૂછ્યું, બેટા, આવડો? બચ્ચાંએ જવાબ આપ્યો, મારી માજી, તું ગમે તેટલું પેટ ફુલાવશે, તોએ તેમા જેવડી થવાની

નથી. શા માટે મહેનત કરે છે અને દુઃખ વેઠે છે? આ બોલ દેડકીને ગમ્યો નહિ, ને તે બચ્ચા પર ગુસ્સે થઈ. હવે તે મમતે ભરાઈ. તેણે પેટ એટલું બધું જોરથી ફુલાવ્યું, કે તે ફાટી ગયું ને દેડકી મરી ગઈ.

જોયું, દેડકી મમત કરીને પોતાના ગજા ઉપરાંત પેટ ફુલાવવા ગઈ, તેથી તેનો જીવ ગયો.

પાઠ ૩૨. કપડાં પહેરવા વિષે.

સાહુકાર તળાવડી બેદરકાર બોરીઆં

લાલશંકર મહેતાજી એક દિવસે છોકરાઓને સવારમાં શિખામણ આપતા હતા. તેવામાં એક છોકરો ખરડાએલે લુગડે નિશાળમાં આવ્યો. તેને જોઈ મહેતાજીએ કહ્યું, રામશંકર, કેમ આવાં નઠારાં કપડાં પહેરી લાવ્યો? સાહેબ, મારે ગામથી હું આવતો હતો, ત્યારે એક ભિખારીનો છોકરો રસ્તે તળાવડીમાં પાણી પીવા ઉતર્યો, ને પગ લપસી જવાથી અંદર પડ્યો. તેને કાઢવા ગયો તેથી લુગડાં ખરડાયાં.

એ તો તેં ઠીક ઉપકારનું કામ કર્યું. પણ તને યાદ છે, કે માણસે હંમેશાં ચોકખાં કપડાં પહેરવાં જોઈએ? હા સાહેબ, હું ભૂલ્યો નથી, પણ આજ તો શું કરૂં?

એવામાં એક છોકરાને ધ્રૂજતો જોઈ લાલશંકર બોલ્યા, સોભાગચંદ, કેમ ધ્રૂજે છે? તે બોલ્યો નહિ, ત્યારે મહેતાજીએ

પૂછયું, છોકરાઓ, આ કેમ ધ્રૂજતો હશે? કોઈ કહી શકશો? ધરમદાસ ઉભો થઈ બોલ્યો, ગુરૂજી, એણે ઝીણાં કપડાં પહેરેલાં છે તેથી. પછી મહેતાજીએ કહ્યું, સોભાગચંદ, તેં સારાં ધોએલાં કપડાં પહેર્યાં છે, એ તો ઠીક કર્યું; પણ આ ટાઢના દિવસો છે, તેથી ઊનનાં ગરમ કે ખાદીનાં જાડાં ધોએલાં કપડાં પહેર્યાં હોત, તો તને આટલી બધી ટાઢ ન વાત. આવાં ઝીણાં મલમલનાં લુગડાં ઉનાળાની ઋતુમાં બફારાના દિવસે ખપનાં છે.

આ વાત ચાલતી હતી, એટલામાં એક સાહુકારનો છોકરો સારાં ઊનનાં ગરમ લુગડાં જેમ તેમ પહેરીને આવ્યો. મહેતાજીએ તેના તરફ જોયું, એટલે તે છોકરો બોલ્યો, આજે મને નાહતાં જરા વાર લાગી તેને લીધે મોડું થયું છે. મહેતાજીએ કહ્યું, તેં બીજો પણ વાંક કર્યો છે. સાહેબ, મારા સમજવામાં તે આવતો નથી. મહેતાજીએ વર્ગમાં પૂછયું, કેમ ભાઈ, તમે કોઈ કહી શકશો? હા જી. આપે ઘણી વાર અમને કહેલું છે, કે જે લુગડાં બરાબર પહેરતો નથી તે સારો ગણાતો નથી, ને તેને બેદરકાર રહેવાની ટેવ પડે છે. તમે બરાબર યાદ રાખ્યું છે. કચરાશા, તું એ હવે એ ભૂલતો નહિ.

પછી મહેતાજીએ કહ્યું, ચોકખાં કપડાં પહેરવાથી ઘણો લાભ થાય છે. ડીલ પરની ચામડી બગડે નહિ, ને ચામડી બગડવાથી જે રોગો થાય તે થવા ન પામે. વળી કપડાં ગમે તેમ ન પહેરવાં. કસ કે બોરીઆં છુટાં ન રાખવાં.

ટોપી ખરાબર ઘાલવી. મેલાં કપડાં કદી પહેરવાં નહિ. કોઈ ધોનાર ન હોય, તો જાતે પણ ધોઈ લેવાં.

પાઠ ૩૩. આંખનો ઉપયોગ.

ભણેલાગણેલા ખાતરી શેલો ખંતીલા સ્ત્રી
અંગુઠીઆં રાજમારગ વહેળો ઢુંકડું

એક બ્રાહ્મણના તથા એક વાણીઆના છોકરાને ભાઈબંધી હતી. તેઓ ભણેલા ગણેલા હતા, પણ તેમને પોતાના શહેરમાં કંઈ સારો ધંધો રોજગાર જડતો ન હતો. બ્રાહ્મણે પૂછ્યું, આપણે દેશાવર જઈશું? વાણીઆએ તે વાત પસંદ કરી, ને બેઉ પરદેશ વેપાર સારૂ નીકળી પડ્યા.

એક શહેરમાં ગયા ત્યાં સારો ધંધો જડ્યો નહિ, તેથી બીજે શહેર જવા નીકળ્યા. તેઓ સવારથી સાંજ સુધી ચાલ્યા, પણ શહેર આવ્યું નહિ. સાંજ પડવાથી તેઓ ડરવા લાગ્યા. એવામાં વાણીઓ આસપાસ જોઈ ચાલતો હતો તે બોલી ઊઠ્યો, ભાઈ, ગામની પાડોશમાં આવી પહોંચ્યા છીએ. કેમ જાણ્યું, ભાઈ? અહીંથી હમણાજ એક માણસ ગાય કે બળદને દોરીને ગએલો જણાય છે, ને તેની સાથે એક સ્ત્રી પણ છે. બ્રાહ્મણે કહ્યું, તું આટલી બધી ખાતરી શા ઉપરથી આપે છે?

ભાઈ, જરા નીચે તો જો. આ પગલાં ગાય કે બળદનાં છે. એમાં ફાટ પડેલી જણાય છે, એમકે નહિ? વળી જો, આ જોડા

પહેરેલા માણસનાં પગલાં છે. તે પેલાં ઢોરનાં પગલાંથી અર્ધાં ઢંકાએલાં જણાય છે. આથી તે ગાય કે બળદને દોરીને ચાલનાર કોઈ માણસ હોવો જોઈએ એમ લાગે છે.

બાજુ પર આ સ્ત્રીનાં પગલાં દેખાય છે. એ તેં કેમ જાણ્યું? જો, પગનાં આંગળાંમાં અંગુઠીઆં તથા જોટવાં ઘાલેલાં તેની આ નિશાનીઓ દેખાય છે. હા, એ તો સ્ત્રીજ હોવી જોઈએ. જો તો ખરો, એ પગલાં ક્યાંથી આવે છે? અરે, આ વહેળો અને તેમાં કપડાં ધોવાની શેલો છે. બધાં પગલાં અહીંથીજ શરૂ થાય છે. ખરે, આ પગલાં ગાયનાં નહિ પણ બળદનાં છે. પેલાં બીજાં ધોબી ને ધોબણનાંજ હોવાં જોઇએ. લે, ભાઈ, આ રાજમારગ આવ્યો. શહેર ઢુંકડું જણાય છે. જો, આ તળાવ. અહીં ઢોરોનાં પગલાં પડેલાં છે. હવે તો છેક નજીક આવી પહોંચ્યા છીએ.

એમ વાતો કરતા તેઓ શહેરમાં આવી પહોંચ્યા. ત્યાં તેઓ વસ્યા, ને વેપાર કરવા લાગ્યા. બેઉ જણા ખંતીલા ને હોશિઆર હતા, તેથી તેમણે સારો ધંધો કરી પુષ્કળ પૈસા મેળવ્યા.

પાઠ ૩૪. પ્રભુનો મહિમા.

જગપતિ તરૂપાન શીતળ સરજનહાર સરિતા
નવરંગી ઘાટ ચાવણું

(દોહરા.)

જગપતિએ જગમાં રચી, રચના રૂડી અપાર;
નાનાં મોટાં પ્રાણીઓ, સરજાવ્યાં સંસાર.

નવરંગી ફૂલ ખીલતાં, પંખી ગાતાં ગાન;
સુંદર રંગે શોભતાં, પાંખ અને તરૂપાન.
મોટા પા'ડ કરાડ ને, સિંધુ સરિતા ઘાટ;
રચના આ રળિઆમણી, કરી નગર વન વાટ.
શિઆળે શીતળ પવન, આપે ઠંડક સાર;
ઉનાળામાં સૂર્યનો, તપે તાપ નીરધાર.
ચોમાસાના દિવસમાં, વરસે છે વરસાદ;
ઝાડે ફળ જો ઝૂલતાં, મધુર મોરના નાદ.
સૂદમાં ચંદ્ર તણી કળા, આપે છે આનંદ;
વદમાં તારા તેજનો, દીસે રૂડો રંગ.
રમત ગમતને કારણે, છે મોટાં મેદાન;
કેવાં તરતાં જળ મહીં, વેલા ને વળી પાન.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન;
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
દાંત સાથ દઈ ચાવણું, કીધો બહુ ઉપકાર;
કળા કળી જાયે નહિ, સરજી સરજનહાર.

પાઠ ૩૫. વસંત ઋતુ.

વિશાળ પલ્લવ સ્હોય માતેલા વનસ્પતિ

(ચોપાઈ-દોહરા.)

વિશાળ વડ પર વેલ છજેલ, જાણે તંબુ છે તાણેલ;[૧]

---

૧. બાળકોએ એકી વખતે તંબુ જેવા થએલા બતાવવું એટલે વાંકા વળવું.

ફળ નાળિએરી ને તાડ, ધજા વાવટા[1] રૂપ એ ઝાડ.
પાન ખરી પૃથ્વી પડે,[2] પીળાં પાકાં હોય;
વનસ્પતિ પલ્લવ નવાં, ધરી શરીરે સ્હોય.
બોલે કોયલ મીઠા બોલ, મેના પોપટ કરે કલોલ;
તીતર કબુતર પંખી વિશેષ, ગાય રાગ ને નાચે બેશ.[3]
રંગ કેસુડો ઘોળીને, ખેલે હોળી લોક;
ઊડે ફુવારા બાગમાં, છાંટે[4] ચૌટાં ચોક.
ભમરાઓ કરતા ગુંજાર, ઝાડો પર નવરંગ અપાર;
આંબા ઉપર શોભે મોર, ખીલી ચાંદની ચારે કોર.
સ્વાદે ખાય શીખંડ જન, પીએ શીતળ નીર;[5]
પશ્ચિમ દક્ષિણ[6] પવનથી, સુખીઉં થાય શરીર.

---

૧. જેમની પાસે ધજા નિશાન હોય તેમણે તે ઉડાડવાં, ને બીજાઓએ હાથ લાંબા કરી બતાવવું.

૨. બંને હાથ ઉંચેથી નીચે લઈ બે ત્રણ વાર ઝટ ઝટ હલાવવા.

૩. આગળ પાછળ બધાએ સામટા સરખી હારમાં કૂદવું, ને ચોપાઈ બોલી રહ્યા પછી કોયલના જેવો સૂર કાઢવો.

૪. પાણી છાંટતા હોય તેમ બતાવવું.

૫. માં ઉંચું કરી હાથ વડે ખાવાનો ને પાણી પીવાનો દેખાવ કરવો.

૬. એ દિશા તરફ આંગળી કરી બતાવવું.

બીજી ચોપડી—ભાગ ૨.

પાઠ ૩૬. દિશાઓ.

ટેકરા દિશા પશ્ચિમ ઉગમણી કસરતશાળા
ઓળો ઉત્તર પૂર્વ આથમણી દક્ષિણ

મારી નિશાળની સામે દૂર મોટા ટેકરાઓની હાર છે. હું સવારે નિશાળે જાઉં છું, ત્યારે તે ટેકરાઓની એક બાજુએથી સુરજ ઊગતો જોઉં છું. મારા મહેતાજી સાહેબ કહે છે, કે જે બાજુએ સુરજ ઊગે, તે ઉગમણી કે પૂર્વ દિશા કહેવાય. મારી નિશાળની પૂર્વે લીમડાનું ઝાડ છે. સવારમાં સુરજ ઊગે છે, ત્યારે લીમડાનો પડછાયો ઘણો લાંબો અને સુરજની સામી બાજુએ હોય છે. જેમ જેમ સુરજ ઉપર આવતો જાય છે, તેમ તેમ તે પડછાયો નાનો થતો જાય છે. બપોરે તો તે છેકજ નાનો હોય છે.


અમારી નિશાળની પાછળ કસરતશાળા છે. સાંજે અમે બધા છોકરાઓ ત્યાં કસરત કરીએ છીએ, ત્યારે સુરજ તે તરફ હોય છે, અને થોડી વાર પછી આથમે છે. જે બાજુએ સુરજ આથમે, તે આથમણી કે પશ્ચિમ દિશા કહેવાય. પૂર્વ અને પશ્ચિમ સામસામી દિશાઓ છે. બપોર પછી લીમ-ડાનો ઓળો પૂર્વ તરફ નમે છે. જેમ જેમ સાંજ પડવા

આવે છે, તેમ તેમ તે લાંબો થતો જાય છે. સાંજે તો સવારના ઓળાની પેઠે બહુ લાંબો હોય છે. સવારે અને સાંજે હરકોઈ વસ્તુનો ઓળો ઘણો લાંબો અને સુરજની સામે હોય છે.

પૂર્વ દિશા તરફ મોં કરી ઉભો રહું, તો મારા ડાબા હાથ તરફ ઉત્તર દિશા, ને જમણા હાથ તરફ દક્ષિણ દિશા હોય છે. ઉત્તર અને દક્ષિણ એક બીજાની સામસામી દિશા છે. મારી નિશાળની ઉત્તર બાજુએ તળાવ અને દક્ષિણ દિશાએ ગામનાં ઘરો છે.

દહાડે તો સુરજ કે કોઈ વસ્તુનો ઓળો જોઈ દિશા કહી શકું છું. પણ અંધારી રાતે સુરજ કે પડછાયો હોતો નથી, ત્યારે દિશા ઓળખવી કઠણ પડે છે. ત્યારે તો આકાશમાં ઉત્તર તરફ એક તારો જોઈ હું દિશા ઓળખી શકું. એ તારો બીજા તારાની પેઠે ફરતો નથી. તે હંમેશાં એકજ જગાએ દીઠામાં આવે છે. તેની તરફ મોં કરી ઉભો રહું, તો પીઠ પાછળ દક્ષિણ દિશા છે. જમણા હાથ પર પૂર્વ અને ડાબા હાથ પર પશ્ચિમ દિશા હોય છે.

પાઠ ૩૭. નિશાળનો નકશો.



લંબાઈ માસ્તર સ્લેટ પહોળાઈ ફૂટપટી ગેલેરી.

બેસતા વરસને દહાડે વિજયા નામની છોકરી પોતાના બારણામાં સાથીઆ પૂરતી હતી. મુકુંદ નામે તેનો નાનો ભાઈ ત્યાં આવ્યો. વિજયાએ કાઢેલો પંખો જોઈ તે બોલ્યો, વિજયા, આ પંખાની દાંડી તેં તેના હાથા જેવડી કેમ કાઢી છે ? તને માપનું બરાબર ભાન નથી.

મુકુંદના બાપા ઠાકોરદાસ ઓટલે બેઠા હતા તે બોલ્યા. ભાઈ મુકુંદ, તને માપ પ્રમાણે નકશો કાઢતાં આવડે છે? મુકુંદે કહ્યું, હું મારી નિશાળનો નકશો માપ પ્રમાણે એવો સરસ કાઢું છું, કે ઘણી વાર મને પહેલો નંબર મળે છે. પરમ દહાડે મેં કાઢેલો નકશો હજી સ્લેટ પર છે. ઠાકોરદાસે કહ્યું


જોઉં લાવ, મને તે સમજાવ. મુકુંદ દોડતો દોડતો જઈ સ્લેટ લાવ્યો, અને નકશાની સમજણ પોતાના બાપને પાડવા લાગ્યો. જુઓ, બાપા, આ સ્લેટમાં મથાળે ઉત્તર ગણી બાકીની દિશાઓ જ્યાં જોઈએ ત્યાં મૂકી છે. મારી નિશાળ પૂર્વ પશ્ચિમ લાંબી ને ઉત્તર દક્ષિણ પહોળી છે. તે ૪૦ ફૂટ લાંબી ને ૨૦ ફૂટ પહોળી છે. મેં ફૂટપટી વડે તેની માંહેલી લંબાઈ પહોળાઈ ભરી હતી. ૪૦ અને ૨૦ ફૂટ લાંબી લીટીઓ આ મારી સ્લેટમાં માય નહિ, માટે મહેતાજી સાહેબે મને એક રસ્તો બતાવ્યો. તેમણે ૧૦ ફૂટ લંબાઈ જણાવવાને એક ઈંચ લાંબી લીટી દોરવા કહ્યું. તે ઉપરથી ચાર ઈંચ લાંબી લીટી દોરી નિશાળની લંબાઈ જણાવી છે; અને બે ઈંચ લાંબી લીટી દોરી તેની પહોળાઈ બતાવી છે. એજ પ્રમાણે સામી બાજુની લંબાઈ પહોળાઈ બતાવી છે. બારણાં જણાવવાને વચમાંથી થોડો ભાગ ભૂસી નાખ્યો છે. બારણાં આગળ આ ઓટલો છે. એ ઓટલા ઉપરથી ઉતરવાને તેના મધ્યમાં પગથીઉં મૂક્યું છે.

નિશાળની ચારે બાજુએ થોરની વાડ છે. તે પણ તેના માપ પ્રમાણે બતાવી છે. પૂર્વ તરફના કરા ને થોરનીવાડ વચ્ચે આ કસરતશાળા છે. કસરતશાળાની દક્ષિણે આ લંબચોરસ બાગ છે. એવોજ એક બીજો બાગ એની પશ્ચિમ બાજુએ છે.

દક્ષિણ તરફની થોરની વાડના મધ્યમાં આ દરવાજો છે. તે ઓટલાના પગથીઆની સામો આવ્યો છે. પશ્ચિમ તરફ કરા ને વાડની વચ્ચે થોડી ખાલી જગા છે.

નિશાળમાં ઉત્તર તરફ આ પાટીઆની ચઢતી ઉતરતી ચાર બેઠકો છે, તેને ગેલેરીઓ કહે છે. એ ગેલેરીઓ ઉપર અમે બધા છોકરાઓ બેસીએ છીએ. અમારી બેઠકોની સામે ટેબલો મૂકી છે, તેની પાસે માસ્તર સાહેબો ખુરસી પર બેસે છે. બાપે કહ્યું, શાબાશ, મુકુંદ, તને નકશા કાઢતાં ને સમજાવતાં ઠીક આવડે છે.

પાઠ ૩૮. ગામનો નકશો.



નિશાન ગોચર આગગાડી સ્ટેશન

ભીમભાઈ નામે એક છોકરો હતો. તે નિશાળનો નકશો કાઢી જાણતો, પણ ગામનો નકશો કાઢતાં શીખ્યો ન હતો. એક દહાડો તેણે પોતાના કાકાને કહ્યું, કાકાજી, અમે આપણા

આમને નકશો કાઢતાં શીખવશો? તે ઉપરથી કાકાએ તેને સ્લેટ ને પેન લાવવા કહ્યું, તે તેણે આણી.


ભીમભાઈના ઘર પાસેથી પૂર્વ પશ્ચિમ મોટો રસ્તો જાય છે. તે રસ્તે થઈને જતાં પૂર્વ તરફ આગગાડીનું સ્ટેશન આવે છે, અને પશ્ચિમ તરફ નદી આવે છે. કાકાએ ઘરનું નિશાન સ્લેટ પર મુકાવ્યું, અને પેલો રસ્તો જણાવવાને બે લીટીઓ દોરાવી. ભીમભાઈએ પુછ્યું, રસ્તો જણાવવાને બે લીટીઓ કેમ દોરવી પડે છે? કાકાએ કહ્યું, રસ્તો કેટલો પહોળો છે તે બતાવવા માટે. એ રસ્તો વીસ ડગલાં પહોળો છે, તેથી એ બે લીટીઓની વચ્ચે આટલી જગા રાખી છે. જો ચાળીસ ડગલાં પહોળો હોત, તો જેટલી જગા રાખી છે, તેનાથી બમણી રાખવી પડત. એ મોટા રસ્તામાંથી ઉત્તર તરફ આપણા ઘરની સામેથી એક બીજો રસ્તો નીકળે છે, તે હવે કાઢ. એ રસ્તાની પશ્ચિમ બાજુ પર તારી નિશાળ છે, તે તેની બરાબર જગાએ મૂકી બતાવ. નિશાળના રસ્તાની પશ્ચિમમાં અને મોટા રસ્તાની ઉત્તર બાજુને અડીને કેટલાંક નાનાં મોટાં ઘરો છે, તે બતાવવાનાં નિશાન મૂક. એ ઘરોથી થોડેક છેટે નદી ઉત્તર દક્ષિણ વહે છે, અને તે મોટા રસ્તાને ઓળંગી જાય છે, માટે તે ચીતરવી જોઈએ. લાવ, હું તને નદી દોરી બતાવું, તે પ્રમાણે તું પછી કાઢજે. નદી પર પૂલ છે તે પણ બતાવજે.

ભીમભાઈ બોલ્યો, કાકા, હવે મને સમજ પડતી જાય છે. જુઓ, એ મોટા રસ્તાની દક્ષિણે અને નદીની પૂર્વ બાજુએ

ખેતરો છે, તે આ ઠેકાણે આવે. વળી એ ખેતરોની પૂર્વમાં અને આગગાડીના મથકની દક્ષિણે ગોચર છે, તે પણ કાઢ્યું છું.

કાકાએ કહ્યું, બરાબર છે, હવે તું સમજ્યો ખરો. જો, મારી પાસે આપણા ગામનો આ નકશો છે, તેની જોડે તારો એ નકશો મેળવી જો. આ નકશો બરાબર માપ લઈ કરેલો છે. તું પણ બરાબર માપ લઈ કાઢે, તો આવોજ નકશો દોરી શકે.

પાઠ ૩૯. ગામ બહારની સહેલ.



પોપડા ભાઠું આંબાવાડી ડાંગર
નિચાણ ક્યારડા

એક દહાડો સવારમાં વર્ગ બરાબર ભરાએલો જોઈ મહેતાજી બોલ્યા, છોકરાઓ, આજ આપણે નિશાળ બહાર વગડામાં

ફરવા જઈએ. છોકરાઓ ખુશી થઈ બોલ્યા, હા સાહેબ, ચાલો. વર્ગ અને મહેતાજી નિશાળ બહાર નીકળ્યા. મહેતાજીએ કહ્યું, પૂર્વ તરફ પેલું લીલું ઘાસ દેખાય છે, તે પોપડા * તરફ ચાલો. પોપડામાં કેટલાંક ઢોરો ચરતાં હતાં. પછી તેઓ ઉત્તર તરફ વળ્યા, ને આંબાવાડીમાં આવી પહોંચ્યા. એ આંબાવાડી પેલા પોપડા કરતાં જરા નિચાણમાં હતી. તેની પેલી મેર પાણીનો વહેળો હતો. તે જોઈ ચતુરલાલ બોલ્યો, મહેતાજી સાહેબ, આ વહેળો ઉતરી પેલી સામી ટેકરી પર જઈએ, તો મોટો ઢાળ ચઢવો પડશે. મહેતાજીએ કહ્યું, હા, પણ ત્યાંથી આસપાસનો દેખાવ ઘણો સુંદર લાગશે.

સૌ ટેકરી પર ચઢ્યા. ત્યાં એક દહેરૂં હતું. તેના પર ધજા ઊડતી હતી. મહેતાજીએ પૂછ્યું, કહો છોકરાઓ, પવન કઈ દિશામાં વાય છે? ઈશ્વરલાલ ધજા તરફ જોઈ બોલ્યો, ઈશાન તરફ વાય છે, સાહેબ. તે બહુ ટાઢો લાગે છે. મહેતાજીએ કહ્યું, તે વહેળાના પાણી પર થઈ આવે છે, માટે ટાઢો લાગે છે. લલ્લુ નામનો એક નાનો છોકરો બોલ્યો, ઈશ્વરલાલ, જો જો, પેલી આપણી નિશાળ ને પેલું તળાવ દેખાય છે. વાહ! જોવાની બહુ મજા પડે છે. મહેતાજી કહે, હવે આપણે પશ્ચિમ તરફ પેલી નદી દેખાય છે ત્યાં જઈએ.

નદી પાસે આવ્યા પછી મહેતાજીએ તેના કાંઠા, ભાઠું, તેમાંની રેતી, કાંકરા તથા પાણીનું વહેણ બતાવ્યું. એક

---

* ઢોરોને ચરવાની જગા; ચરો અથવા બીડ.

ચાલાક છોકરાએ કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકી, તે વહેવા લાગી. તે જોઈ મહેતાજીએ કહ્યું, એજ પ્રમાણે નદીમાં જ્યારે ઘણું પાણી હોય, ત્યારે લાકડાની હોડીઓ તરે છે. તેમાં બેસી લોકો આ પારથી પેલે પાર જાય છે.

અહીંથી દક્ષિણ તરફ ચાલતાં વર્ગ અને મહેતાજી તળાવની પાળ પર આવી પહોંચ્યા. પાળે પાળે ચાલતાં દક્ષિણ બાજુએ આવ્યા, તો ડાંગરના ક્યારડા નજરે પડ્યા. તે જોઈ મહેતાજીએ પૂછ્યું, છોકરાઓ, તળાવની ઉત્તર બાજુએ એવા ક્યારડા કેમ નથી? એક હોશિઆર છોકરો બોલ્યો, સાહેબ, ઉત્તર બાજુ ઉંચી છે, અને દક્ષિણ બાજુ નીચી છે. નિચાણ તરફ પાણી લેવું સુગમ પડે છે. ડાંગરને મસ પાણી જોઈએ છે, માટે ક્યારડા નિચાણ તરફ કરે છે.

હવે બહાર ફરવાનો વખત પુરો થયો હતો, તેથી મહેતાજી વર્ગને નિશાળમાં લઈ ગયા.

પાઠ ૪૦. ગામના અધિકારીઓ.

હવાલદાર સરકારી વારાવાળા રાવણીઓ

હુંડી બંદોબસ્ત મામલતદાર

ટપાલી દાકતર

શિઆળામાં એક દિવસે રાતે વાળુ કર્યા પછી ઘરનાં બધાં માણસો ભેગાં થયાં, અને સગડીની આસપાસ તાપવા બેઠાં હતાં. તેમાં મનસુખ નામે એક નાનો છોકરો પણ હતો. તે પોતાને

મોસાળથી તેજ દહાડે આવ્યો હતો. તેની માએ તેને પુછ્યું, ભાઈ મનસુખ, તને મોસાળમાં ગમ્યું હતું કે? તે બોલ્યો, હા, મા, મને તો ત્યાં બહુ મજા પડી. મામા મને બહાર ફરવા લઈ જતા, અને રોજ રોજ કંઈ નવું શીખવતા.

એક દિવસ અમે ફરતા ફરતા ચોરામાં જઈ ચઢ્યા. ત્યાં એક માણસ બીજા કેટલાક માણસો પાસેથી રૂપીઆ ગણી લેતો હતો. તેને મામાએ કહ્યું, મુખી, મારા ઘર પાસે કુવા આગળ મોટો ખાડો પડ્યો છે, તેમાં પાણી ભરાઈ રહી બહુ ગંધ મારે છે; માટે એ ખાડો પુરાવી નંખાવવા બંદોબસ્ત કરશો? મુખીએ પાસે ઉભેલા એક મુસલમાનને કહ્યું, હવાલદાર, કાલે વાસ-વાળા ઢેડ પાસે એ ખાડો પુરાવી નાખજે. એક માણસ મુખી પાસે બેઠો હતો. તેણે મુખીને કહ્યું કે મામલતદાર સાહેબનો હુકમ આવેલો છે, કે ભરણાના રૂપીઆ લઈ રાવણી-ઓ તાલુકે જાય, તેની સાથે વારાવાળા ઢેડને મોકલવો. તે ઉપ-રથી મામાએ તેને કહ્યું, તળાટી સાહેબ, એમ હોય તો પરમ દહાડે ખાડો પૂરવા માણસ મોકલજે. તળાટીએ કહ્યું, ઠીક છે.

અમે ત્યાંથી નીકળી ઘર તરફ આવતા હતા, તેવામાં હરિભાઈ મામા મળ્યા. તેમના એક હાથમાં ચોપડી અને બીજા હાથમાં રૂપીઆની કોથળી હતી. મેં તેમને પૂછ્યું, હરિભાઈ મામા, ક્યાં જાઓ છો? તેમણે કહ્યું, ભાણા, મેં એક સરકારી ખેતર ખેડ્યું છે. તેના રૂપીઆ સરકારમાં ભરવાના છે, તે મુખીને આપવા ચોરામાં જાઉં છું.

અમે ત્યાંથી આગળ ચાલ્યા, તો એક માણસ કેટલેક ઘેર કાગળો વહેંચતો વહેંચતો જતો હતો. તેણે મામાને કહ્યું, રામશંકર તમારી એક હુંડી * આવી છે, તેના રૂપીઆ લઈ જવા માસ્તર સાહેબે તમને બોલાવ્યા છે. મામાએ કહ્યું, ઠીક ટપાલી, હું જઈશ.

ત્યાંથી અમે ઘર તરફ આવતા હતા, એટલામાં એક સારાં ધોએલાં લુગડાંવાળો માણસ મળ્યો. તેણે કહ્યું, રામશંકર, તમારો વેણીલાલ નિશાળે કેમ આવતો નથી? તે ઘણા દહાડાથી ગેરહાજર રહે છે. મામાએ કહ્યું, માસ્તર સાહેબ, એ માંદો છે. દાક્તર સાહેબ ગામમાં આવે છે, ત્યારે એને તપાસે છે, ને દવા આપે છે. તેઓ કહેતા હતા કે હવે થોડા દિવસમાં એને સારૂં થશે. એ સારો થશે કે તરત નિશાળે મોકલીશ.

બીજી ચોપડી--ભાગ ૩.

પાઠ ૪૧. સવાર ને સાંજ.

સોનેરી વનસ્પતિ અંગારા ઘોંઘાટ

છોકરાં, પૂર્વ દિશા તરફ મોં ફેરવીને આકાશ તરફ જુઓ. વાહ! ત્યાં બધે કેવો સોનેરી રંગ પથરાઈ રહ્યો છે! ધોળાં વાદળાંની કોરો પણ ધગધગતા અંગારા જેવી રાતી થતી જાય

* મની ઑર્ડર.

છે. જોતાં જોતાંમાં એ સોનેરી રંગ જતો રહી અજવાળું થશે. જુઓ પેલો સુરજનો ચળકતો ગોળો ઉપર આવે છે. તેનું અજવાળું આકાશમાં બધે ફરી વળે છે.

સુરજ ઊગે એટલે સવાર થઈ કહેવાય છે. સવારમાં લોકો સૂતા ઊઠે છે, ને દાતણપાણી કરી ધંધે વળગે છે. ખેડુત હળ જોડે છે, ને ખેતરમાં જઈ ખેતીનું કામ કરવા માંડે છે. દુકાનદારો દુકાનો ઉઘાડે છે, વાળી ઝાડીને સાફ કરે છે, અને માલ બહાર કાઢી બરાબર ગોઠવે છે. નિશાળે ભણનારાં છોકરાં વહેલાં ઊઠી પાઠ કરવા બેસે છે. સુરજ ઊગતો જોઈ પક્ષીઓ ઝાડ પર બેસી કલોલ કરે છે. કેટલાંક પક્ષી ખોરાક શોધવાને ઊડતાં ઊડતાં જાય છે. છોડવા, ઝાડ, ઝાડી વગેરે સઘળી વનસ્પતિ તાજી ને ખીલતી દેખાય છે. મધમાખો ખીલેલાં ફૂલો પર જઈ બેસે છે, અને મધ ચૂસે છે. સવારમાં ઠંડા પવનની લહેર આવે છે, તેથી જન, જનાવર, વનસ્પતિ, બધાંને આનંદ થાય છે.

પછી ધીમે ધીમે સુરજ ચઢતો જાય છે. બપોરે તે માથા પર આવે છે, ત્યારે ઘણો તાપ લાગે છે. બપોર પછી તે પશ્ચિમ દિશા તરફ નમતો જાય છે, ત્યારે તાપ ઓછો થવા માંડે છે. આખરે તે આથમે છે ને સાંજ પડે છે. સુરજ આથમ્યા પછી થોડી વાર સુધી પશ્ચિમ દિશા તરફ આકાશ રાતું દેખાય છે, તાપ નરમ પડે છે, ને અજવાળું ધીમે ધીમે ઓછું થવા માંડે છે.

સાંજ પડતાંની સાથે ઢોર ઘર તરફ પાછાં વળે છે. પક્ષીઓ માળામાં જઈ બેસે છે, ને લોકો કામકાજને માટે બહાર ગએલા હોય છે, તે પાછા ફરે છે. ઘેરે ઘેર દીવા સળગે છે, ને રાતનું વાળુ કરવાની તૈયારી થાય છે. પછી દહાડાનો બધો ઘોંઘાટ ધીમે ધીમે નરમ પડે છે, ને આખરે ચોતરફ રાતનું અંધારૂં ફરી વળે છે.

પાઠ ૪૨. હવા ને પવન.

લક્ષ્મણ સ્ટેશન તોફાન ટિકીટ
ભરવાડ ઝપાટો અકળામણ

રામચંદ્ર ને લક્ષ્મણ નામે બે ભાઈઓ હતા. તેઓ એક દહાડો સવારમાં વહેલા ઊઠી આગગાડીના સ્ટેશન પર જતા હતા. તે વેળા ટાઢ બહુ હતી, ને પવન વાતો હતો. તે ઉપરથી રામચંદ્ર બોલ્યો, અરે, આજે હવા ઘણી ઠંડી છે. પવન જોરથી ફુંકાય છે. આપણા હાથ મોઢું સર્વે ઠરી જાય છે. લક્ષ્મણ કહે, મોટા ભાઈ, હવા ને પવન વચ્ચે શો ફેર છે, તે મને સમજાવો. રામચંદ્ર કહે, આગગાડીમાં બેઠા પછી હું તને તેની સમજ પાડીશ.

તેઓ સ્ટેશન પર આવી પહોંચ્યા. ટિકીટ લઈ ગાડીમાં બેઠા કે રામચંદ્ર બોલ્યો, લક્ષ્મણ, આપણી આસપાસ બધે હવા છે. ગાડીમાં ને ગાડી બહાર પણ હવા છે. ગાડીનાં બારણાં બંધ કર્યાં છે, તોપણ ટાઢ વાય છે. ગાડીમાં હવા ન

હોય, તો ટાઢ ક્યાંથી વાય? વળી હવા ન હોય, તો આપણે ગુંગળાઈ મરીએ. માણસ કે કોઈ બીજું પ્રાણી હવા વગર જીવી શકે નહિ. ઝાડપાનને પણ હવાની જરૂર છે. ભાઈ, હવે પેલું બારણું ઉઘાડી તારો હાથ ગાડીની બહાર રાખીશ, તો તને પવનનો ઝપાટો લાગશે. ગાડી ચાલવાથી બહારની હવા હાલે છે, તેથી પવન લાગે છે. ખરૂં જોતાં હવા ને પવન જુદાં નથી. હવા હાલે છે તેને પવન કહે છે. હવા ઘણી હાલે, ત્યારે પવન ઘણો વાય ને તોફાન થયું કહેવાય.

લક્ષ્મણ—ખરી વાત. ગઈ કાલે વરસાદ પડતા પહેલાં પવનનું મોટું તોફાન થયું હતું. છાપરા પરનાં નળીઆં ઉથલી પડ્યાં હતાં. આપણા ખેતરમાંનો મોટો આંબો મૂળમાંથી ઉખડી નીચે પડ્યો હતો. રામા ભરવાડના ઘરને આગ લાગી, તે પણ બહુ ફેલાઈ હતી. પવન ન ફરી ગયો હોત, તો આપણું ફળીઉં બચત નહિ. ભાઈ, આપણને હવાની જરૂર છે, પણ પવન તો કંઈજ કામનો નથી.

રામચંદ્ર—લક્ષ્મણ, તારી ભૂલ છે. પવન છેટના દરીઆ પરથી વાદળાંને ઘસડી લાવે છે. તેમાંથી બધે વરસાદ પડે છે. વરસાદ વગર પીવાને પાણી મળે નહિ, તેમ ખાવાને માટે ધાન્ય પણ પાકે નહિ. દરીઆ ઉપર વહાણો ચાલે છે, તે પણ પવનને લીધેજ. પવન વડે રસ્તા પરનો કચરો ખેંચાઈ જાય છે, ને ફૂલમાંનો વાસ ફેલાય છે. ઉનાળામાં કોઈ વાર પવન છેક બંધ પડે છે, ત્યારે ઘણી અકળામણ થાય છે. ભાઈ, હવે તારા સમજવામાં આવ્યું હશે, કે પવન પણ ઘણો ખપનો છે.

પાઠ ૪૩. ચાક.

ખડીઆ ગાંગડો હકીકત સેકાઉં
જંતુ કહાણી નિર્દય ચાંચવા

હું ચાકનો એક નાનો કકડો છું. મારૂં મૂલ ઘણું ઓછું છે. એક પૈસાના મારા જેવા ચાર પાંચ કકડા મળે. મારા ઉપર ઘણાં ઘણાં દુઃખ પડે છે. તે સઘળાં દુઃખ સાંભળવાનું તમને ગમશે નહિ, તોપણ હું થોડાંક કહું છું.

મારી જાત પોચી છે, તેથી લોકો સહેલાઈથી મારો ચુરો કરે છે, ખડીઆમાં નાખે છે, ને તેમાં પાણી રેડી મને ડુબાવી દે છે. છોકરાઓ મને પાટીઆ પર ઘસે છે, તે વખતે મારા શરીરમાંથી ઝીણા કણ છુટા પડે છે. તેથી મારૂં શરીર પાતળું થતું જાય છે. એ કણ પાટીઆ ઉપર ચોંટી રહે છે, તેથી અક્ષરો પડે છે. કોઈ કોઈ વાર મને દેવતામાં નાખે છે, તેથી હું સેકાઉં છું, પણ પીગળતો નથી. હું પાણી ચૂસી લઉં છું, પણ તેમાં નાખવાથી ઓગળતો નથી. કેટલેક ઠેકાણે લોકો નિર્દય થઈ મને ભઠ્ઠીમાં નાખી બહુ બાળે છે. તાપમાંથી કાઢી તેઓ મારા ઉપર પાણી રેડી મને કઠણ બનાવે છે, એટલે હું ચુનાનો ગાંગડો થાઉં છું, ને જરા ઝાંખો પડું છું. પછી મારો ચુરો કરી રેતી સાથે મેળવે છે, અને તેનો કોલ બનાવે છે, તે ઘર બાંધવાના કામમાં આવે છે. એ પ્રમાણે મારા દુઃખની કહાણી છે. હું ક્યાંથી આવ્યો, તે વિષે તમે પૂછો છો કે? સાંભળો ત્યારે તે વાત કહું છું.

મારો જન્મ દરીઆના તળીઆ પર થયો હતો. તે વાતને સેંકડો વરસ થઈ ગયાં છે. દરીઆના ઉંડા પાણીમાં બારીક જંતુઓ હોય છે. તેવાં જંતુઓએ મને બનાવ્યો હતો. મારા ડીલમાં ઝીણા વેહ કે છિદ્રો છે, તેમાં તેઓ રહેતાં હતાં. દરીઓ આઘો જવાથી મારા ઉપર જમીનના થર ચઢી ગયા, ને હું નીચે દબાઈ ગયો. ત્યાં પડ્યો પડ્યો હું ઊંઘ લેતો હતો. એક દહાડો કેટલાંક માણસો ચાંચવા ને પાવડા લઈને આવ્યાં. તેમણે મને ભોંયમાંથી ખોદીને બહાર કાઢ્યો. પછી એક કોથળામાં ઘાલી મને બહાર ગામ મોકલી દીધો. જે કોથળામાં હું હતો, તે કોથળો આ ગામમાં આવ્યો. તેમાંથી મને બહાર કાઢી અહીં આણ્યો. આ પ્રમાણે મારી હકીકત છે.

પાઠ ૪૪. તાંબું ને તાંબાનાં વાસણો.

કંસારા કથરોટ નાળચાં પુષ્કળ
ચંબુ તાંબાકુંડી ટંકશાળ

મારા બાપા તાંબા પિત્તળનાં વાસણો વેચવાનો ધંધો કરે છે. અમારી દુકાને જુદી જુદી જાતનાં વાસણો બનાવી વેચવામાં આવે છે. તે બનાવવાને માટે ઘણા કંસારા અમારે ઘેર નોકર છે. કંસારા દુકાનમાં બેસી કામ કરતા હોય છે, ત્યારે ટં ટં ટં અવાજ થયાં કરે છે. તે સાંભળીને કાન બહેર મારી જાય છે. તાંબાનાં પતરાંને હથોડા વતી

ટીપે છે, તેથી એવો અવાજ થાય છે. ટીપવાથી પતરાં લાંબાં, પહોળાં ને પાતળાં થાય છે.

કંસારા કહે છે, કે તાંબું ભોંયમાંથી ખોદી કાઢે છે, ત્યારે તેમાં લોઢાની પેઠે ભેળ હોતો નથી. ભોંયમાંથી નીકળે છે, તોએ તે રાતું ને ચળકતું હોય છે. પછી તેને ગાળીને પતરાં બનાવે છે. તે એટલું નરમ ને પોચું છે, કે તેનાં પતરાં કાતર વડે કાપી શકાય છે.

અમારી દુકાનમાં ઘણી જાતનાં તાંબાનાં વાસણો બને છે. હું તે બધાંનાં નામ જાણું છું. પાણી પીવાના લોટા, લોટીઓ, ચંબુ, નાળચાં, તાંબાકુંડી, કથરોટ, બેડાં વગેરે તાંબાનાં બને છે. તાંબાનાં વાસણો ચળકતાં હોય છે, પણ હવા લાગવાથી તે કેટલેક દહાડે ઝાંખાં પડે છે. તેમને સારી પેઠે માંજીએ, તો તે પાછાં ચળકતાં થાય છે.

કોઈ કોઈ વાર તાંબા ઉપર લીલો થર બાઝેલો જોવામાં આવે છે, તેને કાટ કહે છે. કંસારા કહે છે, કે તાંબાનાં વાસણમાં ખાટી ચીજ કે ટાઢુ પાણી ભરી રાખવામાં આવે છે, તેથી કાટ બાઝે છે. એ કાટ ઘણો ઝેરી છે. તાંબાને ખૂબ તપાવીને ટાઢું પાડવાથી પણ કાટ બાઝે છે. કલાઈ દેવાથી તાંબાનાં વાસણને કાટ ચઢતો નથી.

તાંબું ભોંયમાંથી પુષ્કળ જડે છે. પાઈ, પૈસા વગેરે સિક્કા તાંબાના બને છે. મારા બાપા કહે છે, કે સરકાર સિવાય બીજા કોઈથી સિક્કા પડાય નહિ. જે ઠેકાણે સિક્કા પાડવામાં આવે છે, તેને ટંકશાળ કહે છે.

પાઠ ૪૫. પિત્તળ ને પિત્તળનાં વાસણો.

ચળકાટ   મજાગરાં   શિરાઈ

એક દહાડો દલસુખને પિત્તળની ગાડી ઇનામમાં મળી. તે જોઈ તેની માએ પૂછયું, દીકરા દલસુખ, આ ગાડી તું કયાંથી લાવ્યો ?

દલસુખ—બા, મહેતાજી સાહેબે એક દહાડો અમને પિત્તળ વિષે પાઠ શીખવ્યો હતો. આજે તેમણે કહ્યું કે તમે પિત્તળ વિષે શીખી ગયા છો. તમારામાંથી જે કોઈ તે ધાતુ વિષે સારી હકીકત કહેશે, તેને ઇનામ મળશે. એ ઉપરથી અમારા વર્ગમાંના દરેક છોકરે હકીકત કહેવા માંડી. છેલ્લો મારો વારો આવ્યો. હું જેટલું જાણતો હતો તેટલું બોલી ગયો. મહેતાજીએ મારી હકીકત પસંદ કરી, ને મને આ ગાડી ઇનામમાં આપી. મા કહે, બેટા, તેં શી હકીકત કહી ?

દલસુખ—મેં કહ્યું, પિત્તળ બીજી ધાતુની પેઠે ખાણમાંથી નીકળતું નથી. તે જસત ને તાંબાની મેળવણીથી થાય છે. એ બે ધાતુને ખૂબ તપાવે છે, એટલે તેઓ ઓગળીને મળી જાય છે. તેનું પિત્તળ બને છે. પિત્તળ તાંબા કરતાં કઠણ હોય છે, તેથી તે તાળાં, મજાગરાં, કડાં, સાંકળો વગેરે બનાવવાના કામમાં વપરાય છે. આપણા ઘરમાં વાપરવાનાં ઘણાંખરાં વાસણો પિત્તળનાં બને છે. તે રંગે ઝાંખાં પીળાં હોય છે. તપેલાં, થાળીઓ, લોટા, લોટીઆ, વાડકા, તાસકો, ચારણી, પવાલી, શિરાઈ, એવાં એવાં ઘણાં વાસણ પિત્તળનાં

થાય છે. પિત્તળનાં વાસણમાં ખાટી ચીજ ભરીએ, તો કટાય છે, માટે તેમને કલાઈ ચઢાવી લોકો વાપરે છે. તાંબાની પેઠે તે જલદી કટાતું નથી. પિત્તળનાં વાસણ માંજેલાં હોય, ત્યારે તો ખૂબ ચળકતાં જણાય છે. તેનો ચળકાટ તરત ઝાંખો પડતો નથી. તે તાંબા કરતાં સસતું મળે છે.

મા—વાહ! દલસુખ, તેં ઘણી સારી હકીકત કહી. ચાલ, હું પણ તને એક ઇનામ આપું. એમ કહી તેણે તેને એક આગગાડી આપી. તે કુંચી ચઢાવવાથી દોડતી હતી.

પાઠ ૪૬. જુદી જુદી જાતનાં ઘાસ—ભાગ ૧.



કુમળું ખુજળી પાણીવાટ સુપડાં ઝીંઝવો ધુપેલ
સુંવાળી અત્તર ચરાઉ ઉપલાણે તમાકુ

રામશંકર મહેતાજીએ વર્ગ છોડતી વેળાએ છોકરાંને કહ્યું,

છોકરાં, હવે બધે લીલું ઘાસ ઊગી નીકળ્યું છે. કાલે તમે નિશાળે આવો, ત્યારે દરેક જણ રસ્તામાંથી જેટલી જાતનું ઘાસ જુઓ, તે લેતા આવજો. બીજે દહાડે મહેતાજીએ વર્ગમાં આવીને જોયું, તો આખો ઓરડો જાણે ઘાસનું બજાર હોય તેવો દીઠો. દરેક છોકરૂં કોઈ કોઈ જાતનું ઘાસ લાવ્યું હતું.

મહેતાજી—આ જાડી પાંદડીનું ઘાસ જુઓ. ચરામાં ફરતાં જાનવરો એ કુમળું હોય, ત્યાંસુધી ખાય છે. જ્યારે પાકે છે, ત્યારે છાપરાં છાવામાં વપરાય છે. વળી એની દોરી વણીને ખાટલા ભરે છે.

ભીમભાઈ—સાહેબ, આ ઘાસનાં મૂળીઆં મોટા સોયા કરતાં પણ જાડાં છે. એની પાંદડીની કોર કેવી ધારવાળી છે.

મહેતાજી—એનું નામ દાભ છે. એનાં મૂળીઆં જમીનમાં એટલાં ઉંડાં ઉતરે છે, કે હળ વડે ખેડવાથી પણ નીકળી જતાં નથી. એનું મૂળ જમીનમાંથી તદ્દન તો કાઢી શકાતુંજ નથી. જેમાં દાભ ઊગે તે ખેતર નકામુંજ થઈ જાય છે.

હુસેન—આ કઈ જાતનું ઘાસ હશે, સાહેબ?

મહેતાજી—એનું નામ ઝીંઝવો છે. ચરાઉ જાનવરોને તો બહુ ભાવે છે. ખેડુતો એને સુકવીને પુળીઓ બાંધી તેની ગંજી કરી મૂકે છે.

રામભાઈ—આ ઘાસ હું તળાવની પાળેથી લાવ્યો છું. એનાં મૂળીઆં પર આ ગોળ ગડીઓ છે, તેમાંથી સુગંધ આવે છે.

મહેતાજી—એને મોથ કહે છે. તે પુતળી ઉપર ચોળવાના તથા ધુપેલમાં નાખવાના કામમાં આવે છે. એમાંથી અત્તર પણ નીકળે છે.

ડુંગર—આ ઝીણી ઝીણી સોય સરખી પાંદડીવાળું ઝાળ જેવું શું છે?



મહેતાજી—એને દરો કે ધરો કહે છે. એની દાંડી જમીન પર ફેલાય છે. એ જમીનમાં એવી જડ ઘાલે છે, કે ગમે તેટલી કાઢી નાખીએ, તોએ ફરી ફરીને ઊગે છે.

વલ્લભરામ—મારી પાસે આ ઘાસ છે, તે બધાંથી જુદી જાતનું છે. એ પેલે ઉપલાણે પાણીવાટમાં ઊગ્યું છે. એની ચમરી કેવી સુંવાળી છે!

મહેતાજી—એને સરકટ કહે છે. તે પાણીને જવાની વાટ આગળ થાય છે. જાનવરને એની વાસ ગમતી નથી,

તેથી એમ ખાતાં નથી. એ સુકાય છે, ત્યારે એની સળી-ઓની સાદડીઓ, સુપડાં, ટોપલીઓ, વગેરે કરે છે. એની પાંદડી તમાકુના પડા બાંધવાના કામમાં આવે છે. એ પાંદ-ડીને કૂટીને પલાળે છે, તેને મૂંજ કહે છે. તેની દોરી વણી ખાટલા ભરે છે.

પાઠ ૪૭. જુદી જુદી જાતનાં ઘાસ—ભાગ ૨.



બાજરી.



જુવાર.

સલંગ સૈંકડો. રાતડીઆ મહીકાંઠા

ગુચ્છો ઢેબસાં

મહેતાજી—વરસાદ આવે છે ત્યારે કેટલાંક ઘાસ એની મેળે ઊગી નીકળે છે, અને કેટલીક જાતનાં ઘાસ વાવવાં પડે

છે. એવું એક વાવેલું ઘાસ હું લાવ્યો છું. એ ઘાસનું નામ કોઈ કહેશો ?

મોતીલાલ—એ તો બાજરીના સાંઠા જેવું છે. એને ઘાસ કેમ કહેવાય સાહેબ ?

ચંદુલાલ—એમ તો જારનો સાંઠો અને ડાંગરનું પરાળ પણ ઘાસ કહેવાય કે ?

મહેતાજી—હા. બાજરી, જાર, ડાંગર એ બધાંએ ઘાસ છે. આ ઘાસ અને આ સાંઠો બંને સરખાં છે કે નહિ ? જુઓ, એ બંનેની પાંદડી સરખી છે. પાંદડી જ્યાં બાઝેલી છે ત્યાં સાંઠાને ગાંઠો છે, અને ઘાસને પણ ગાંઠો છે. એક ગાંઠાથી બીજા ગાંઠા સુધી સલંગ સળી છે. આ સળીને પેર કે કાતળી કહે છે. ઘાસને માથે પાંદડીનો ગુચ્છો છે, તેવો ગુચ્છો સાંઠાને છેડે પણ છે. હવે એનાં મૂળીઆં તરફ નજર કરો. એ પણ એક બીજાંને મળતાં છે. જે અનાજ આપણે ખાઈએ છીએ, તે જુદી જુદી જાતનાં ઘાસનાં બી છે.

ઇબ્રાહીમ—ઘાસનું બી કોઈ અનાજ જેવું હોતું નથી. તે તો ઝીણું હોય છે. જાર બાજરીનો દાણો મોટો હોય છે. તેને ઘાસનાં બી કેમ કહેવાય ?

મહેતાજી—સેંકડો વરસ થયાં લોકો જાર, બાજરી, ઘઉં અને ડાંગરની ખેતી કરે છે. સારી જમીનમાં ખાતર પૂરીને

તેને વાવે છે, તેથી તે જોરથી ઊગે છે. એમ વવાતાં વવાતાં તેનો સાંઠો જાડો થઈ ગયો, અને તેનું બી પણ સારી પેઠે વધતું ગયું. એ કારણથી અંનાજનું બી મોટું થયું છે.



નાગલી.

ચંદુલાલ—અમારા મહીકાંઠાના ગરીબ ભીલ લોકો નાગલી, સામો, થેક વગેરે ખાઇને જીવે છે. તે બધાં અનાજ ઘાસનાં બી જેવાંજ હોય છે.

શામળ—મારા ગામના ઘણા ગરીબ લોકો બીડમાંથી ઘાસનાં બી ભેગાં કરે છે. પછી તેને છડીને દળે છે, ને તેનાં ઢેબરાં કરે છે.

લલ્લુભાઈ—ત્યારે જાનવરો ખસલી, પરાળ કે કડબ ખાઇને મોટાં થાય તેમાં શી નવાઈ!

મહેતાજી—ખરી વાત છે. તેમાંથી પણ ઢોરને જે ખોરાક જોઇએ તે મળે છે. તે તેમને ભાવે છે. આપણે રાતડીઆનો સાંઠો ખાઈએ છીએ, તે કેવો મીઠો લાગે છે !

પાઠ ૪૮. ખેડુત ને હળ.



સખત હળપુણી લઈ એકસામટું
ધુસરી સંતોષ કૌવતવાળું
ભાણુ વસ્ત્રો ઉત્તમ

છોકરાંઓ, હું ખેડુત છું. આ સામે ગામ દેખાય છે, તેમાં મારૂં ઘર છે. મારા ધંધામાં મારે સખત મજુરી કરવી પડે છે. સવારમાં વહેલો ઊઠી હળ જોડી હું ખેતરમાં જાઉં છું. ત્યાં પહોંચું છું, કે તરત કામે વળગું છું.

સવારથી માંડી બપોર સુધી હું એકસામટું કામ કરૂં છું. પછી થોડો વખત કામ બંધ પાડી હળ છોડું છું, ને બળદને ચરવા દઉં છું. મારે માટે ઘેરથી ભાથું આવે છે, તે હું ખાઉં છું. ભાથામાં બે રોટલા, થોડું અથાણું, મરચું ને કોઈ વાર દાળ ને ચટણી આવે છે. ભાણ જરા નમવા માંડે કે પાછો હળ જોડું છું, તે છેક સાંજ પડતાં સુધી ફેરવું છું. ઘેર જઈ બળદને છોડી દાણો ખવડાવું છું. પછી તેમને પાણી પાઈ કોઢમાં બાંધી ચારો નીરૂં છું. સાંજે મને સારી ભૂખ લાગે છે, ત્યારે છાશ કે દૂધ સાથે રોટલા ખાઉં છું. હું ઉંચો કે મીઠો ખોરાક ખાતો નથી, તોપણ મારૂં શરીર મજબુત ને કૌવતવાળું છે. હું આખો દહાડો કામ કરી થાકી ગએલો હોઉં છું, તેથી મને રાતે સારી ઊંઘ આવે છે. મને આળસુ થઈ બેસી રહેવું કદી ગમતું નથી.

આ મારૂં હળ જુઓ. તે મારા ગામના સુથારે બનાવ્યું છે. એ એટલું તો ભારે છે, કે તમે એને ખેંચી શકો નહિ. આ કોશ કે હળપુણી છે, તે પાસેના ગામના લુહારે કરી છે. કોશને ચવડું જડેલું છે. હળમાં આ લાંબો મોટો સેડ છે, તેને ધુસરી બાંધી બળદ જોડેલા છે. આ છડા છે તે પકડી હું હળ હાંકું છું. હું છડા ઉપર ભાર દઉં છું, એટલે કોશ ભોંયમાં ઉતરે છે. એથી ભોંય ખેડાઇને પોચી થાય છે, ને ચાસ પડે છે.

(રોળાવૃત્ત.)

રે ખેડુત તું ખરે, જગતનો તાત ગણાયો;
આ સઘળો સંસાર, પાળતો 'તુંજ' જણાયો. ૧.

કપાસ ફળ ફૂલ ઘાસ, ધાન્યને તું નીપજાવે;
અન્ન ખાય સહુ જીવ, ધરે જન વસ્ત્રો ભાવે. ૨.
સહે તાપ વરસાદ, વળી બહુ મે'નત કરતો;
રહે શરીરે લષ્ટ, સદા સંતોષે ફરતો. ૩.
ઉત્તમ ખેતી ખરે, વળી તે પર ઉપકારી;
ખરી ખંતથી દીએ, જગતને શીખ તું સારી. ૪.

પાઠ ૪૯. ડાંગર.



ટાંકણે કયારડા કાદવકીચડ

કેશવરામ નામે એક છોકરો હતો એક વેળા દિવાળીને

ટાંકણે તે તેના મામાને ઘેર ગયો. ત્યાં તળાવની બાજુ પર કેટલાક ડાંગરના ક્યારડા જોઈ તેણે પોતાના મામાને પૂછ્યું, મામા, આ બધા મોટી મોટી પાળવાળા ખાડા શા? એમાં આ બધું લીલું લીલું શું છે? મામા કહે, એ ખાડા નહિ પણ ક્યારડા કહેવાય છે. એમાં આ બધી ડાંગર રોપી છે. ડાંગરને પાણી ઘણું જોઈએ, માટે ક્યારડાને ફરતી પાળ કરે છે, ને પાણી ભરી રાખે છે.

કેશવરામ બોલ્યો, વાહ! એ ક્યારડા કેવા લીલાછમ સરખા જણાય છે! પવનનો ઝપાટો જરા લાગે છે, કે બધા છોડ કેવા હાલી રહે છે! વારુ, મામા, ડાંગર શી રીતે રોપતા હશે? મામા કહે, પહેલાં એક નાનો ક્યારો કરી તેમાં ડાંગર વાવે છે. તેના છોડ ઊગી નીકળે, તેને ધરૂ કે તરૂ કહે છે. વરસાદ પડતા પહેલાં બીજા ક્યારડાને ખેડીને તૈયાર કરી રાખેલા હોય છે. પછી જ્યારે સારો વરસાદ પડે છે, ત્યારે પેલું ધરૂ ઉખેડી લાવે છે, ને તેમાં છુટું છુટું રોપે છે. ધરૂ રોપતાં ખેડુતને માથે વરસાદ ઝીલવો પડે છે, ને કાદવ કીચડમાં કામ કરવું પડે છે. કેશવરામે પૂછ્યું, આ ડાંગર સદા આવી લીલીજ રહેશે કે? મામા બોલ્યા, ના ભાઈ, તે પાકશે ત્યારે પીળી થઈ જશે. કેશવરામે પૂછ્યું, ડાંગર પાક્યા પછી તેનું શું કરશે?

મામા કહે, ડાંગરને કાપીને સુકવશે, પછી તેના પુળા બાંધી ખળીમાં લઈ જશે. ત્યાં પરાળ ને દાણા છુટા પાડશે.

એ દાણાને ભરડીને ખાંડવાથી છોડાં ને ચોખા છુટા પડશે. પછી ચોખા રાંધીને ખાશે.

પાઠ ૫૦. શેરડી.



ખાતર પીત ડુક્કર પડછા તરકારી

પાકટ વેંત તાવડા

મા—ભાઈ રણછોડ, ઘેર આવતાં આજે તને આટલું બધું મોડું કેમ થયું?

રણછોડ—રામા પટેલનો કોલુ* ફરતો હતો, તે જોવાને આજે મહેતાજી અમને તેડી ગયા હતા. ત્યાં અમારી

---

* કોલ.

આગળ પડછા તોડી શેરડીના સાંઠા મૂક્યા. તેમાંથી અમે થોડા ખાધા. પછી અમે રસ પીધો, ને થોડો ગોળ પણ ખાધો. પાછા આવતાં રસ્તે મહેતાજીએ અમને શેરડી રોપવા સંબંધી કેટલીક હકીકત કહી.

માએ પૂછ્યું, બોલ, ભાઈ, શેરડી શી રીતે રોપે છે? રણછોડ કહે, પહેલાં તો ભોંયને સારી રીતે ખેડે છે, ને તેમાં પુષ્કળ ખાતર નાખે છે. પછી તેને પાણી પાઈ પોચી કરે છે, ને તેમાં શેરડીના કકડા ઘાલે છે. કોઈ લોકો કકડા ભોંયપર મૂકીને ઉપર માટી દબાવી દે છે. ત્યારે મા કહે, બીને માટે રાખેલી નરમ ને નાની પેરવાળી શેરડીમાંથી એ કકડા કાપે છે. તે એક વેંત લાંબા હોય છે. શેરડીની પેરના ગાંઠા આગળ આંખ હોય છે. એ આંખ ઉપર રહે એવી રીતે બીના કકડા રોપે છે. વારૂ, આગળ કહે. રણછોડ બોલ્યો, શેરડીના પીતને પુષ્કળ પાણી જોઈએ છે. વાડીમાં શેરડી ભેગી કેટલીક તરકારી પણ વાવે છે. શેરડીના પાકને તૈયાર થતાં દશ અગિઆર માસ થાય છે.

મા—ડુક્કર અને શિઆળવાંને શેરડી બહુ ભાવે છે. કોઈ કોઈ વાર તેઓ તે વાડીમાં પેસી ઘણું નુકસાન કરે છે. તેમને અટકાવવાને ઘણી સંભાળ લેવાની જરૂર છે. વારૂ, ભાઈ, તું કહીશ કે ગોળ શી રીતે બને છે?

રણછોડ—શેરડી પાકટ થાય છે, એટલે તેના સાંઠા કોલુમાં પીલે છે. કોલુ લાકડાનો કે લોઢાનો હોય છે. તે

ફરે છે, ત્યારે કડ કડ કડ કડ બોલે છે. શેરડીને પીલવાથી રસ નીકળે છે, તેને તાવડામાં નાખી ઉકાળે છે. ઉકાળતાં ઉકાળતાં તેના ઉપર વારંવાર મેલની છારી આવે છે, તે કાઢી લે છે. રસને ઘણી વાર ઉકાળે છે, તેથી તે મધ જેવો ઘટ થાય છે. પછી તેને ઉતારી ટાઢો પાડે, એટલે ગોળ બને છે.

પાઠ ૫૧. ભાત ને રોટલી.

ઉજળો હિસાબે સફેદી નકામાં

એક શેઠના ઘરમાં રસોઈ થતી હતી. ચુલા પર તપેલી મૂકી હતી, તેમાં ચોખા ચડતા હતા. પાસે કેટલીક ઘઉંની રોટલી તૈયાર કરી મૂકી હતી. તે વેળા ભાત ને રોટલી વચ્ચે તકરાર થઈ.

ભાત કહે, હું વધારે ખપનો, ને રોટલી કહે, હું. તકરાર વધી ગઈ અને બેઉ વઢવા લાગ્યાં. એક બાઈ રસોઈ કરતી હતી, તે આ તકરાર સાંભળતી હતી. તેણે બંનેને ધીમાં પાડ્યાં.


પછી ભાત બોલ્યો, બાઈ સાહેબ, મારી વાત સાંભળો. હું પોચો છું, તેથી નાનાં મોટાં બધાં મને ખાઈને ઘણાં રાજી થાય છે. દાંત વગરનાં ઘરડાં માણસોને હું મહેનત આપતો નથી. જુઓ, હું કેટલો ઉજળો છું! જો દૂધ કે પાણીમાં મને બોળે, તો મારી સફેદી વધે છે. મને ધોઈ ચુલા ઉપર ચડવા મૂકે છે' હું થોડી વારમાં રંધાઈ ને ખાવા લાયક

બનું છું. રોટલી કરતાં હું વહેલો પચી જાઉં છું. માંદાં માણસ મને ભાવથી ખાય છે, ને વહેલાં સારાં થાય છે.

ભાત બોલી રહ્યો, કે રોટલી બોલી ઊઠી. બાઈ સાહેબ, હવે મારૂં કહેવું સાંભળો. ઘઉંને દળીને લોટ કરે છે. પછી તેને પાણીએ બાંધી કણક બનાવે છે. કણક થયા પછી મને તૈયાર કરતાં વાર લાગતી નથી. મારો આકાર ગોળ છે. હું કોઈ વાર નાની ને કોઈ વાર મોટી થાઉં છું. હું ભાતના જેવી પોચી નથી. મને ખાધાથી શરીરમાં જોર આવે છે. જેને શરીરની મહેનત કરવી પડે છે, તેને મારા વગર ચાલતું નથી.

બેઉનું બોલવું સાંભળી લીધા પછી પેલી બાઈએ કહ્યું, તમે નકામાં વઢી મરો છો. અમારા હિસાબે તમે બેઉ સરખાં ઉપયોગી છો. પૈસાદાર લોકોને તમારો ખપ ઘણો પડે છે, પણ ગરીબને તમારા વગર ચાલી શકે છે. તેઓ જુવાર બાજરીના રોટલા ખાઈને રહે છે. તેમને તો તમારા બેઉ કરતાં રોટલા વધારે ખપના છે. જાઓ, હવે પછી આવી ખોટી તકરાર કરશો નહિ.

પાઠ પર. મધમાખ.



વાઘરી ઘરબાર રક્ષણ મનહર તત્કાળ

એક ઝાડની ડાળીએ મધપુડો લટકતો હતો. એક વાઘરી કામળો ઓઢીને હાથમાં ધુણી લઈ તે મધપુડો લેવા ગયો, એટલે એક મોટી માખી બહાર આવી તેને કહેવા લાગી.

અરે વાઘરી, અમે તારૂં કંઈ બગાડ્યું નથી. તું શા માટે અમને ઘરબાર વગરનાં કરવા આવ્યો છે? અમે તારી પેઠે પારકો માલ લેવાની કદી ઇચ્છા કરતાં નથી. વગડામાં ફૂલ થાય છે, તેમાંથી મધ લાવી આ મધપુડામાં અમે ભરીએ છીએ. મધમાંથી અમે મીણ બનાવી તેનો મધપુડો કરીએ છીએ. મારા મધપુડામાં ત્રણ જાતની માખીઓ છે. ૧. હું પંડે, ૨. કામ કરનારી માખીઓ, અને ૩. નર. હું બધાંથી મોટી છું, ને ઈંડાં મૂકવાનુંજ કામ કરૂં છું. મને સૌ રાણી કહે છે. આ મધપુડામાં બધે છ ખુણાવાળાં ખાનાં છે. તેમાંનાં થોડાંક મોટાં ને બીજાં નાનાં છે. નાનાં

ખાનાંમાં હું ઈંડાં મૂકું છું. મારી પેઠે રાણી થવા લાયક ઈંડાં હોય છે, તેમને મોટાં ખાનાંમાં મૂકી ઉછેરવામાં આવે છે. બધી મધમાખો મારો હુકમ બરાબર પાળે છે. કામ કરનારી માખીઓ મારા જેવી પણ મારાથી નાની છે. તે માખીઓને મેં જન્મ આપેલો છે. તેઓ મધ એકઠું કરે છે, બચ્ચાંને ખવાડે છે, મધપુડાનું રક્ષણ કરે છે, અને બીજું બધું કામ કરે છે. એ સિવાય મધપુડામાં કેટલાક નર છે. તેમને ડંખ હોતો નથી. તેમનો પાછલો ભાગ જરા ગોળ વળેલો છે. તેઓ આળસુ થઈ બેસી રહે છે, તેથી અમે તેમને ત્રણ મહીના કરતાં વધારે વખત જીવવા દેતાં નથી.

અમે જાતે ચોકખાં છીએ, ને અમારો મધપુડો પણ ચોકખો રાખીએ છીએ. અમે કોઈ બીજા જંતુને તેમાં પેસવા દેતાં નથી. અમે નવો મધપુડો કરીશું, ત્યારે તારે જોઈએ તો અહીં આવી આ મધપુડો લઈ જજે.

આ હકીકત સાંભળી પેલા વાઘરીને દયા આવી, ને તે મધપુડો લીધા વગર ત્યાંથી ચાલતો થયો.

(દોહરા.)

મધમાખી તું મે'નતુ, હુન્નર તણી નિશાળ;
મનહર મધપુડો રચે, રસ મૂકે તત્કાળ. ૧.

મધ મીઠું ચૂસી લઈ, મીણ કરે તૈયાર;
સરે કામ તેથી ઘણાં, ગુણ તે કરે અપાર. ૨.

નાનું સરખું જીવડું, મોટું કરતું કામ;
ડાહી ને ચોકખી દીસે, આળસ તજે તમામ. ૩.

કીડી અને કરોળીઆ, મંકોડા કે'વાય;
ઉદ્યોગી જે જીવડાં, તેમાં તું પંકાય. ૪.

પાઠ ૫૩. બતક ને મરઘાં.

ચીકટ માંજર કુકરે કૂક કુકડો ઉકરડા

અમારા ગામમાં શેખ કાદર નામે એક મુસલમાન રહે છે. તેમને ઘેર બતક ને મરઘાં છે. એક દહાડો અમારા મહેતાજી સાહેબ અમને તેમને ઘેર લઈ ગયા, ને તે જનાવર બતાવ્યાં.

અમે શેખને ઘેર પહોંચ્યા, એટલે મહેતાજી સાહેબે કહ્યું, જુઓ ભાઈઓ, પેલી બતકો પાણીના ખાબોચીઆમાં તરે છે, અને વારંવાર પાણીમાં માથું મારે છે. એમનાં પીછાં પર ચીકટ હોય છે, તેથી એમનું શરીર પાણીથી ભિંજાતું નથી. જુઓ, કેટલીક કાદવમાં ફરે છે, અને પોતાની ચાંચ વડે જીવડાં ને છોડની દાંડીઓ ખાય છે. કેટલીક પોતાનાં ધોળાં સુંદર પીછાં ચાંચ વડે સાફ કરે છે. અહો ! એમની ચાંચ કેવી લાંબી ને પહોળી છે ! એમનું શરીર ભારે છે, ને પાંખો નબળી છે, માટે એ બહુ ઊડી શકતી નથી. આ બતક બહાર આવી છે, તેના પગ જુઓ. પગના આગલા ભાગમાં ચાર આંગળાં છે. તે પાતળી ચામડી વડે જોડાએલાં છે, તેથી


બતક પાણી પર ચાલી શકે છે. બતકને દાંત ને દાઢ હોતાં નથી તેથી તે આપણી પેઠે ખોરાકના કકડા ચાવી શકતી નથી.

પછી અમે મરઘાં ફરતાં હતાં ત્યાં ગયા. મરઘાંની ચાંચ બતકની ચાંચ જેવડી મોટી ને પહોળી નથી. તે નાની ને અણીદાર છે, માટે તેઓ ઝડપથી દાણા ઉપાડી લે છે. તેઓ પાણી પર ચાલી શકતાં નથી, કેમકે તેમના પગનાં આંગળાં જોડાએલાં નથી. તેમનાં પીછાં પર ચીકટ નથી, માટે તે પાણીથી ભિંજાય છે. તેઓ બતકની પેઠે ખોરાક આખો ને આખો ગળી જાય છે.

અમે ઉભા હતા, ત્યાં એક મરઘી કેટલાંક બચ્ચાં સાથે આવી. પાછળથી કુકડો પણ આવ્યો. તેમને જોઈ શેખ-મીઆં બોલ્યા, અમારે ઇંડાં જોઈએ, તેથી મેં આ મરઘાં પાળ્યાં છે. આ મરઘી બચ્ચાંને સારી રીતે જાળવે છે. જરા ખડખડે, કે તે સઘળાં તેની પાસે જતાં રહે છે, ત્યારે તેમને તે પાંખ તળે ઢાંકી દે છે. તે જાતે બીકણ છે, પણ બચ્ચાંને કોઈ છેડવા આવે, તો તેના સામી ધસીને દોડે છે.

પેલો કુકડો છે. તેને માથે લાલ માંજર છે, તેથી તે ઘણો દીપે છે. એને ઉકરડા ખોતરવાની બહુ ટેવ છે. વાહણું વાય, એટલે કુકરે કૂક બોલે છે. તે સાંભળી હું ઊઠું છું, ને મારે ધંધે વળગું છું.

પાઠ ૫૪. ચકલી.



વસ્તુ કાબરી રઝળી તણખલા

ચકલી તો તમે સૌએ દીઠી હશે, નહિ વારૂ? ઝાડ પર કદી કદી કેવી ચીં ચીં કરી મૂકે છે! આપણા ઘરના ચોકમાં દાણા તડકે નાખ્યા હોય, ત્યારે તે કેવી એકદમ ઊડતી આવે છે, ને ચાંચમાં ઘાલી લઈ જાય છે! તે આપણી પેઠે એક પછી એક પગ ઉપાડી ચાલતી નથી. આપણે પાસે બેઠા હોઈએ, તોપણ તે બીતી નથી. કોઈ કોઈ વાર આપણા ઘરમાં તે આમથી આમ ને આમથી આમ ઊડઊડ કરે છે. એને બે પાંખો, એક ચાંચ ને બે પગ હોય છે. એની ચાંચ નાની ને અણીદાર છે, તે વડે એ દાણા, જીવડાં વગેરે પકડે છે. તે રંગે ધોળી; કાળી કે કાબરી હોય છે. તેને પગે


પાછળ એક ને આગળ ચાર આંગળાં છે. તે વડે તે ઝાડની ડાળી મજબુત પકડીને બેસે છે.

ચકલી રૂ, તણખલાં ને એવી બીજી વસ્તુના માળા કરે છે. તે ઝાડ ઉપર ને છાપરાંને કે બીજા કશાને ખુણે ખોચરે માળા બાંધે છે. તે બહારથી સારા દેખાતા નથી. એ માળામાં રૂ, પીછાં, વાળ કે ઊન ગોઠવી માંહેથી ઘણા પોચા કરે છે. પછી તેમાં ઈંડાં મૂકે છે. ચકલી વરસમાં બે કે ત્રણ વાર ઈંડાં મૂકે છે, ને દરેક ફેરે પાંચ કે છ ઈંડાં મૂકે છે. ઈંડાં રંગે ભુરાં હોય છે, ને તેમનાં પર કાળાં ટપકાં હોય છે. એ ઈંડાંમાંથી બચ્ચાં નીકળે છે. પછી કેટલેક દિવસે તે બચ્ચાંને પાંખો આવે છે, ત્યારે ચકલી તેમને ઊડતાં શીખવે છે. બચ્ચાં ઊડીને પોતાનો ખોરાક મેળવતાં થાય, ત્યાં લગી ચકલી તેમને ખવરાવે છે. તે આખું ગામ રઝળીને જીવડાં, દાણા ને બીજું જે મળે તે લાવે છે, ને બચ્ચાંની ચાંચમાં ધીમે ધીમે મૂકે છે.

ચકલી ખેડુતને ઘણો ફાયદો કરી આપે છે. ખેતરમાં ઝીણાં જીવડાં થાય છે, તે ઊગતા છોડને બહુ નુકસાન કરે છે. ચકલી તે જીવડાંને વીણી વીણીને ખાઈ જાય છે.

સમડી ને કાગડાનો ચકલીને ઘણો ભો હોય છે. તેઓ લાગ ફાવે તો એને મારી નાખે છે. એને સાપનો પણ ઓછો ભો નથી. તે એના માળામાં પેસી ઈંડાં કે બચ્ચાં ખાઈ જાય છે.

પાઠ ૫૫. ઘોડો.



કેશવાળી પ્રીતિ દાબડો પાણીદાર ટટ્ટી
અણીદાર નીમકહલાલ સવારી


ઘોડો તો તમે જોયો હશે. એ પ્રાણીનો દેખાવ સુંદર છે. એની પુચ્છડી અને ગરદન ઉપર સુંવાળા ને ચળકતા લાંબા લાંબા વાળ હોય છે. ગરદન પરના વાળને કેશવાળી કહે છે. એના પગ પાતળા ને જાંઘના થાપા જાડા ને મજબુત હોય છે. દરેક પગને છેડે નક્કર ને આખો દાબડો છે, તેથી એ સપાટ ભોંય પર ઝપાટાબંધ દોડી શકે છે. એના કાન નાના, ઉભા ને અણીદાર છે. એના મોંની અંદર જોશો, તો થોડા દાંત

આગલા ભાગમાં, ને બાકીના પાછલા ભાગમાં દેખાશે. આગલા ને પાછલા દાંતની વચ્ચે ખાલી જગા છે, તેમા લગામ રહે છે. આગલા દાંત તીણા હોય છે, તે વડે ખોરાક કાપે છે. પાછલા દાંત ચપટા છે, તે વડે તે ખોરાક ચાવે છે. ઘોડો ઘાસ, ભુસું, ચણા, મઠ, બાજરી વગેરે દાણા ખાય છે. એ ઘણું ઝડપથી દોડનારૂં પ્રાણી છે, અને લાંબી મજલ કાપે છે. કહે છે કે ઘોડા કરતાં ઘોડી વધારે પાણીદાર હોય છે. કઠણ ભોંય પર ચાલવાથી દાબડા ઘસાઈ જાય નહિ, માટે તેને નાળ જડાવે છે.

ઘોડા ઘણી જાતના ને ઘણા રંગના હોય છે. અરબી નામે એક જાતના ઘોડા છે, તે ઘણા સુંદર, ગરીબ ને નીમકહલાલ છે. ઘોડા ધણી ઉપર ઘણી પ્રીતિ બતાવે છે, અને તેના હુકમને તાબે રહે છે. એ પ્રાણી બીકણ છે, ને મોટા અવાજ સાંભળી ચમકે છે.

કેટલેક ઠેકાણે ઘોડાની શરત થાય છે, ત્યારે ઘોડા પાસે ઉંચી ટટ્ટીઓ ને પહોળા ખાડાઓ કુદાવે છે. ઘોડા માણસને બહુ ઉપયોગી છે. એની પીઠ પર જીન મૂકી સવારી કરે છે, અને ગાડીએ પણ જોડે છે. એ ઘણો ભાર ખેંચે છે. લડાઈ ને શિકારમાં તે ઘણા કામ આવે છે. ઘોડાની સારી બરદાસ કરવામાં આવે, તો તે લગભગ ત્રીસ વરસ સુધી જીવે છે.

પાઠ ૫૬. ઘોડો ને તેનાં સગાં વહાલાં.



નાળબંધ અડીઅલ ટટ્ટુ

કહ્યાગરૂં ખચ્ચર

મોતીલાલ નામે શેઠ હતો. તેને જગુભાઈ નામે એક નાનો દીકરો હતો. એક દહાડો તે શેઠના ઘોડાને પગે નાળ જડવાને નાળબંધ આવ્યો. તે વખતે ઘોડાવાળાએ ઘોડાનો પગ ઉંચકી રાખ્યો. જગુભાઈ ત્યાં હાજર હતો. તેને શેઠે પૂછ્યું, કહો જગુભાઈ, તમે આવી ખરીવાળાં બીજાં કોઈ જાનવર દીઠાં છે?

થોડી વાર વિચાર કર્યા પછી જગુભાઈ બોલ્યો, ગધેડાને આવીજ ખરી હોય છે. " શેઠે કહ્યું, ખરી વાત. તે ઘોડા જેવું દેખાય છે, તેથી તેને ઘોડાનું સગું એટલે તેની જાતનું પ્રાણી ગણે છે. પણ તેની ને ઘોડાની વચ્ચે કેટલોક ફેર છે.

ગધેડાના કાન લાંબા ને મોટા છે. તેની પુછડીને છેડે વાળનો ઝુમખો છે. વળી તે ઘોડા જેવડું મોટું નથી. ગધેડું ઘોડા જેવું સુંદર દેખાતું નથી. ઘોડો ખોંખારે છે ને ગધેડું ભૂંકે છે. ગધેડું આખો દહાડો ભાર વહ્યાં કરે છે. તેનો ધણી તેની બહુ સંભાળ લેતો નથી. ગધેડું અડીઅલ ને ઠોઠ છે, પણ ઘોડો તેવો નથી. ગધેડાને મારી મારીને તેની પાસે કામ કરાવે છે, તેથી તે અડીઅલ ને ઠોઠ બને તેમાં નવાઈ નથી. ગધેડું ઘણું મહેનતુ અને ધીરજવાળું પ્રાણી છે. તેની સારી બરદાસ કરવામાં આવે, તો તે કહ્યાગરૂં ને ચાલાક બને છે. વારૂ, ગધેડાં સિવાય બીજાં કોઈ પ્રાણી ઘોડાને મળતાં છે?

જગુભાઈ—આપણા તબેલામાં ટટ્ટુ છે, તે પણ ઘોડા જેવુંજ છે. ફેર એટલોજ કે ટટ્ટુ નાનું ને ઘોડો મોટો હોય છે.

શેઠ—ટટ્ટુ સિવાય બીજું એક પ્રાણી છે, તે ઘોડાને ઘણું મળતું આવે છે. તેને ખચ્ચર કહે છે. તેના કાન ગધેડાના જેવા લાંબા ને મોટા હોય છે. ઘોડાની પેઠે તેની ગરદન ને પુછડી પર લાંબા વાળ હોય છે. તેનું શરીર ઘોડા કરતાં નીચું ને જરા ટુંકું હોય છે. તે ઘણો ભાર લઈ મોટા ડુંગરા ચઢી શકે છે.

પાઠ ૫૭. શરીરના ભાગ.

ગોકળગાય તાળવું ઢીંચણ હડપચી
તફાવત પોપચાં

એક દહાડો મગન ને મોતી પોતાના ઘરના વાડામાં ફરતા હતા. તેવામાં મગનની નજર એક ગોકળગાય ઉપર પડી. તે બોલ્યો, જુઓ મોતીભાઈ, આ ગોકળગાય કેવું પ્રાણી છે! એના ને આપણા શરીરમાં બહુજ તફાવત છે. આપણા શરીરના બે મોટા ભાગ છે. એકને ધડ ને બીજાને ડોકું કહે છે. ડોકાના ઉપલા ભાગમાં માથું હોય છે, અને તે ઉપર વાળ છે. ડોકાના આગલા ભાગમાં બે આંખો, બે કાન, એક નાક ને એક મોઢું છે. મોંમાં દાંત, જીભ ને તાળવું છે. મોઢાને બે હોઠ છે. હોઠ નીચે હડપચી છે. આંખો ઉપર ભવાં ને તે ઉપર કપાળ છે. આંખને પોપચાં હોય છે. પોપચાં પર વાળ છે, તેને પાંપણ કહે છે. ઝીણી રજ કે જીવડાંને આંખમાં જતાં પોપચાં ખાળે છે. આંખો કાન વચ્ચે લમણાં, ને મોં ને કાન વચ્ચે ગાલ છે. એ બધું આ ગોકળગાયને હોય એવું જણાતું નથી.

મોતી—ગોકળગાયને આંખો, મોં ને દાંત છે. તેને પેલાં બે લાંબાં શીંગડાં છે, તેના છેડા પર આંખો છે. મોઢું શીંગડાંના મૂળ આગળ નીચે છે. એને દાંત ન હોય, તો એ પાતરાં કરડી શકે નહિ. આપણા જેવાં બીજાં વાનાં એને નથી, એ વાત ખરી છે.

મગન—આપણા ધડ ને ડોકા વચ્ચે ગળું ને પાછળ બોચી છે. ધડની ઉપલી મેર બે પાસે બે ખભા છે.

ત્યાંથી આગળ હાથ આવ્યા. હાથને વચલે ગાળે કોણી છે. ત્યાંથી આગળ કાંડુ, હથેલી ને આંગળાં આવે છે. બે હાથની વચ્ચે છાતી ને તેની નીચે પેટ છે. પેટ નીચે પેડું આવ્યું. પેડાની બે પાસે બે કેડા છે. પાછળ બોચીથી તે કેડ સુધી વાંસો હોય છે. એ બધું ગોકળગાયને કયાં છે?

મોતી—વળી, હું કહું છું તે વાનાં પણ ગોકળગાયને કયાં છે? આપણા ધડના નીચલા ભાગમાં બે પગ છે. દરેક પગને વચલે ગાળે ઢીંચણ છે. ઢીંચણની ઉપરના થાપાને જાંઘ કે સાથળ કહે છે. ઢીંચણ નીચે નળો હોય છે. નળાની નીચે પાટલી છે. પાટલીની નીચે તળીઉં, પછવાડે એડી ને ઉપર ઘુંટી આવી છે. ખરે, આપણા ને આ ગોકળગાયના શરીરમાં ઘણોજ ફેર છે.

પાઠ ૫૮. ઇંદ્રિયો.

સ્વાદ ધબાકો સૂંઘી

જુઓ, આ કેરી છે. એનો રંગ ને આકાર કેવો છે? રંગ પીળો છે ને આકાર ગોળ છે. તમે કેમ જાણ્યું કે રંગ પીળો છે ને આકાર ગોળ છે? આંખે જોયું તેથી. વળી આંખ વડે લાંબું ટુંકું, ઉંચું નીચું, નાનું મોટું વગેરે પણ જણાય છે. કહો, કેરીનો વાસ કેવો આવે છે? મીઠો. તમે કેમ જાણ્યું કે મીઠો વાસ આવે છે? નાકથી સૂંઘી જોયું તેથી. વારૂ, આ કેરીને તમારા શરીરના કોઈ ભાગ પર ફેરવી

જુઓ, કેવી માલમ પડે છે? સુંવાળી ને ટાઢી લાગે છે. શાથી જાણ્યું કે તે સુંવાળી ને ટાઢી છે? ચામડી વડે. પણ તે કઠણ છે, તે માલમ પડે છે કે? ના, તે તો દાબી જોઈએ, ત્યારેજ ખબર પડે.

એનો સ્વાદ કેમ માલમ પડે વારૂ? જીભ વડે ચાખી જોઈએ ત્યારે. ચાખી જુઓ. વાહ! બહુ મજાની છે. મન થાય છે કે જાણે બધી ખાઈ જાઉં. અરે, કેમ કેરી નાખી દીધી? નાખી નથી દીધી, એ તો પડી ગઈ. કંઈ ફીકર નહિ, પણ ધબાકો થયો તે તમે સાંભળ્યો તો હશે. હા. શાથી સંભળાયો વારૂ? કાને.

સમજો ત્યારે; જે વડે કોઈ વસ્તુનું કંઈ પણ જ્ઞાન થાય, તે ઈંદ્રિય કહેવાય. ઈંદ્રિયો પાંચ છે, આંખ, નાક, ચામડી, જીભ અને કાન. આંખે જોઇએ છીએ, નાકે સૂંઘીએ છીએ, ચામડી વડે ટાઢું, ઉનું, લીસું, પોચું એવું જાણીએ છીએ. જીભે ચાખીએ છીએ, ને કાને સાંભળીએ છીએ.

પાઠ ૫૯. રંગ.

રંગરેજ સાલ્લા છુટ્ટી કીરમજી

મારા ઘરની નજીક રંગરેજની દુકાનો છે, તેમાં કાસમ મીઆં રંગરેજની દુકાન સૌથી મોટી છે. તે મીઆં ભાત ભાતના રંગો બનાવે છે, ને કપડાં પર ચઢાવે છે. નિશાળમાં છુટ્ટીને દહાડે હું તેની દુકાને જઈને બેસું છું. એક દહાડો

રાખોડી

ઝાંખો ભુરો

તપખીરી

ઘેરો તપખીરી

કીરમજી

ખૂલતો લાલ

ખૂલતો ગુલાબી

કેસરી

પોપટીઓ

હું ત્યાં બેઠો હતો, તે વખતે તેણે કેટલાક નવા રંગો બનાવ્યા, તે મેં જોયા હતા.

તે દુકાનમાં ઘેરા, ખુલતા ને ઝાંખા મૂળ રંગનાં પડીકાં હતાં. એક વાર કાસમ મીઆંએ ખુલતો લાલ રંગ લઈ તેમાં થોડો ઘેરો વાદળી રંગ મેળવીને એક નવો રંગ બનાવ્યો. તેને તે કીરમજી રંગ કહેતો હતો. એ રંગ પાઘડી, સેલાં, ને બાયડીઓના સાલ્લા ઉપર ચઢાવે છે. પછી પીળો રંગ લઈ તેમાં થોડો ખુલતો લાલ રંગ મેળવ્યો, એટલે કેસરીઓ રંગ થયો, કેમકે તે કેસરના રંગને મળતો હતો.

હવે કાસમ મીઆંએ ખુલતો લીલો રંગ બનાવ્યો. તે પોપટના રંગ જેવો હતો. તે તેણે ઝાંખા વાદળી રંગમાં થોડો ખુલતો પીળો રંગ નાખી બનાવ્યો હતો.

એ દુકાનમાં બીજે ઠેકાણે કેટલાક માણસો રંગો બનાવતા હતા. હું કાસમ મીઆં પાસેથી ઊઠીને તેમની તરફ ગયો. ત્યાં એક માણસ ગળીના જેવો રંગ કરતો હતો. તેણે ઘેરો વાદળી રંગ લઈ તેમાં થોડોક લાલ રંગ નાખી તે રંગ બનાવ્યો. મેં તેને પૂછયું, આપણા માથા ઉપર આકાશ દેખાય છે, તેના જેવો રંગ તમે શી રીતે કરો છો?

તેણે કહ્યું, ઘેરો વાદળી રંગ લઈ તેમાં થોડો ધોળો રંગ નાખીએ, તો આકાશના રંગ જેવો ખુલતો વાદળી રંગ થાય. હું ત્યારે સમજયો, કે રંગરેજો મૂળ રંગો ઓછાવત્તા લઈને મેળવે છે, એટલે ખુલતા, ઘેરા કે આછા રંગો થાય છે. મારા હાથમાં

ગુલાબનું ફૂલ હતું તે જોઈ તેણે પૂછ્યું, કહો ભાઈ, ગુલાબી રંગ કેમ થાય છે, તે તમે નિશાળમાં શીખ્યા છો?

મે કહ્યું, હા. ધોળો રંગ લઈ તેમાં થોડો ખુલતો લાલ રંગ મેળવીએ તો ગુલાબી રંગ થાય છે. આછા, ઘેરા કે ખુલતા રંગો બનાવવાની તમારી રીત મેં આજે જોઈ. હવે હું ખુલતો ગુલાબી રંગ કે બીજો કોઈ પણ ગમે તેવો રંગ બનાવી શકું ખરો.

પાઠ ૬૦. લુગડાં.

બનાત બાસ્તો ઢાંકણ ફલાલીન જામદાની
રૂવાંટી દોશીવાણીઆ ભીંગડાં

જુઓ, પેલો છગન ઉઘાડો ઉઘાડો ફરે છે. તે ટાઢથી ધ્રૂજે છે, પણ ડીલ પર કપડું પહેરતો નથી. શું એને ટાઢ નહિ વાતી હોય? અરે, એને ટાઢ વાય છે ખરી, પણ એને ઉઘાડા ફરવાની ટેવ પડી છે. એ ટેવ બહુ નઠારી છે. ઉઘાડા ફરવાથી એનું શરીર કાળું થશે, ને ટાઢથી ફાટી જશે. શું એની પાસે પહેરવાનાં કપડાં નહિ હોય? એના બાપાએ થોડા દહાડા ઉપર ઘણાંએ ઊનનાં કપડાં કરાવ્યાં છે, પણ એ પહેરતો નથી. ટાઢના દહાડામાં ઊનનાં કપડાં પહેરીએ, તો ટાઢ ન વાય. ઊન ઘેટાંના ડીલ પર થાય છે. ઊનને લીધે ઘેટાંને ટાઢ વાતી નથી. બનાત, ફલાલીન વગેરે કાપડ ઊનનું બને છે.

ઊન સિવાય રૂનાં પણ કપડાં થાય છે. તમે ધોતલી ને અંગરખી પહેરો છો, તે રૂની બને છે. ખેતરમાં કપાસ ઊગે છે, તેમાંથી રૂ નીકળે છે. રૂને કાંતીને સુતર કરે, ને પછી તેનાં લુગડાં વણે છે. તાપના દહાડામાં સુતરનાં કપડાં પહેરવાથી તાપ ઓછો લાગે છે. દોશીવાણીઆની દુકાને છીંટ, ખાદી, બાસ્તો, સેલું, જામદાની વગેરે કાપડ વેચાય છે, તે સઘળાં સુતરનાં થાય છે.



જનાવરના ચામડાનાં લુગડાં.

કેટલાક બહુ જંગલી ને ગરીબ હોય છે, તેમને ઊન કે સુતરનાં કપડાં પહેરવાને મળતાં નથી. તે લોકો જનાવરનાં ચામડાંનાં કે ઝાડની છાલનાં લુગડાં બનાવી પહેરે છે.

ત્યારે યાદ રાખો, કે કપડાં પહેરવાથી ટાઢ કે તાપ ઓછો લાગે છે. વળી એથી શરીર સારૂં દેખાય છે. કોઈ કોઈ તો પોતાના ડીલને વધારે શોભા આપવાને માટે રંગદાર કપડાં પહેરે છે;

પશુપંખીને પણ શરીરનું ઢાંકણ હોય છે. તેઓ આપણી પેઠે કપડાં બનાવી પહેરતાં નથી. પશુના ડીલ પર વાળ કે રૂવાંટી હોય છે, તેથી તેમને ટાઢ કે તાપ બહુ લાગતાં નથી. પરમેશ્વરે પંખીને રૂવાં, વાળ ને પીછાં આપેલાં છે, તે તેમનાં કપડાંની ગરજ સારે છે. પાણીમાં માછલાં વગેરે રહે છે, તેમનાં ડીલ પર ભીંગડાં હોય છે, તે તેમના શરીરનું ઢાંકણ છે.

સમાપ્ત.